# 'વહિની' -- વત્સલ મા

પુરુષોત્તમ ગણેશ માવળંકર

GJ
891.473
M 449 V

સન્નિષ્ઠ પ્રકાશન • અમદાવાદ

પ્રથમ આવૃત્તિ : પ્રત ૧,૦૦૦
તા. ૧૧ જાન્યુઆરી ૧૯૯૬
[ સદ્‌ગત પૂજ્ય માતુશ્રી 'વહિની'ની પ્રથમ માસિક પુણ્ય તારીખે ]

❑

રૂપિયા ત્રીસ

INSTITUT ... SHIMLA
Acc. No. 130329
Date 13-9-2010
891.473
M449 V

❑

કૉપીરાઈટ © ૧૯૯૬ : પુ. ગ. માવળંકર

❑

પ્રકાશક :
'સન્નિષ્ઠ પ્રકાશન' વતી
શ્રીમતી પૂર્ણિમા પુરુષોત્તમ માવળંકર, એમ.એ.
'ગોપિકા', મહારાષ્ટ્ર સોસાયટી
એલિસ બ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬ (ગુજરાત)
ફોન : ૪૪૪૨૨૬

❑

Library IIAS, Shimla
GJ 891.473 M 449 V
00130329

મુદ્રક :
સાહિત્ય મુદ્રણાલય
સિટી મિલ કમ્પાઉન્ડ
કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨

# અર્પણ

વહાલસોયી મા 'વહિની'ને
તથા
વિશ્વભરની જ્ઞાત-અજ્ઞાત
અન્ય સર્વ માતાઓને
ભાવપૂર્વક, કૃતજ્ઞતાથી અને આદર સહિત...

[૧૧ જાન્યુઆરી, ૧૯૯૬] -- પુ. ગ. મા.

सौ. सुशीला मावळंकर.

झिजल्यावाचून कीर्ति कैची ।
मान्यता नव्हे की फुकाची ।

लंडन.
ता.
१४/१०/५२

લંડન [ઇંગ્લેન્ડ]માં અભ્યાસ કરતા પુત્ર પુરુષોત્તમની સ્વાક્ષરી-પોથી [ઑટોગ્રાફ બુક]માં માતુશ્રી સુશીલાબેને શ્રી સમર્થ રામદાસ સ્વામીની જાણીતી પંક્તિ [झिजल्यावांचुनी कीर्ति कैची । मान्यता नव्हे की फुकाची ।] [ઘસાયા વિના કીર્તિ શેની મળે ? (લોકોમાં) માન્યતા (કંઈ) એમ ફોગટની મળતી નથી.] સંદેશા રૂપે ટાંકીને, તા. ૧૪ ઑક્ટોબર ૧૯૫૨ને રોજ કરેલા હસ્તાક્ષર.

# અનુક્રમ

## પહેલો વિભાગ


| | | |
|---|---|---|
| સુશીલા ગણેશ માવળંકર : સુદીર્ઘ જીવનની સંક્ષિપ્ત ઝલક | પુરુષોત્તમ ગણેશ માવળંકર | ૬ |
| માતાપિતાની શીતળ છાયા | પુરુષોત્તમ ગણેશ માવળંકર | ૧૪ |
| વહાલસભર માતુશ્રીની વસમી ચિરવિદાય | પુરુષોત્તમ ગણેશ માવળંકર | ૨૦ |
| મુરબ્બી 'વહિની' | પૂર્ણિમા પુરુષોત્તમ માવળંકર | ૨૮ |
| Mavalankar, Smt. Sushila Ganesh [Ex - Member, L.S.] Women Members of First Lok Sabha | | 30 |



## બીજો વિભાગ


| | | |
|---|---|---|
| મારા પતિ : મારા જીવનસાથી | સુશીલા ગણેશ માવળંકર | ૩૨ |
| યુગપુરુષ ગાંધીજી સાથેનાં સંભારણાં | સુશીલા ગણેશ માવળંકર | ૪૧ |
| અમારા ડાહ્યાભાઈ | સુશીલા ગણેશ માવળંકર | ૪૭ |



## જાગતિક અને શારીરિક ઘરની સાર્થકતા

- વ્યવસ્થા એ જ ઘરની શોભા.
- સંતુષ્ટ સ્ત્રીઓ એ જ ઘરની લક્ષ્મી.
- સમાધાન એ જ ઘરનું સુખ.
- આતિથ્ય એ જ ઘરનો વૈભવ.
- ધાર્મિકતા એ જ ઘરનો કળશ.

**[પૂજ્ય સુશીલાબેનને ખૂબ ગમતો એવો આ આલેખ, મૂળ મરાઠીમાં, ઘરમાં ભીંત પર ફ્રેમ કરીને ટીંગાડેલો રહેતો તેનું ગુજરાતી રૂપાંતર.]**



સુશીલાબહેન ગ. માવળંકર
'ગોપિકા' [મહારાષ્ટ્ર સોસાયટી]ના પ્રાંગણમાં
સને ૧૯૭૪



સુશીલાબહેન ગ. માવળંકર
'ગોપિકા' [મહારાષ્ટ્ર સોસાયટી]ની હરિયાળી પર
સને ૧૯૯૪

# પહેલો વિભાગ

"'WHEN A MOTHER dies, THE child Also CEASES TO bE. This self-loss CAN NEVER bE MADE GOOD. BUT THERE is AN ETERNAL SOURCE FROM WHICH EACH MOTHER DERIVES HER MOTHERHOOD. HER LAP is NEVER DENIED TO US."

- **SWAMI ISHWARANANDA GIRI**
**[ SAMVIT SADHANAYANA, MOUNT ABU ]**

અમદાવાદમાં આધ્યાત્મિક પ્રવચનસત્ર માટે પધારેલા દરમ્યાન પૂજ્ય સ્વામીજીએ ચિ. પુરુષોત્તમને અને ચિ. સૌ. પૂર્ણિમાને સ્વહસ્તે લખી મોકલેલ દિલસોજીનો પત્ર.

[ તા. ૧૩ ડિસેમ્બર ૧૯૯૫ ]

आम्ही जातों आपुल्या गांवा । आमुचा रामराम घ्यावा ।। ध्रु. ।।
तुमची आमची हे चि भेटी । येथुनियां जन्मतुटी ।।
आतां असों द्यावी दया । तुमच्या लागतसें पायां ।।
येतां निजधामीं कोणी । विठ्ठलविठ्ठल बोला वाणी ।।
रामकृष्ण मुखीं बोला । तुका जातो वैकुंठाला ।।

-- **संत तुकाराम**

# સુશીલા ગણેશ માવળંકર

## સુદીર્ઘ જીવનની સંક્ષિપ્ત ઝલક

**[ પુત્ર પુરુષોત્તમે પોતાની માતા વિષેનો ટૂંકો જીવનપરિચય તા. ૧૫ નવેમ્બર ૧૯૮૫ને રોજ તૈયાર કરેલો તે અપ્રકદાશિત લેખ.]**

શ્રીમતી સુશીલાબહેનનો જન્મ મુંબઈમાં તા. ૪ ઑગસ્ટ ૧૯૦૪ને રોજ થયો હતો. એમના પિતાનું નામ : રામકૃષ્ણ ગોપીનાથ ગુર્જર; માતાનું નામ દ્વારકા. [પિયરનું નામ : દુર્ગા પાંડુરંગ પળસુલે.] ગુર્જર કુટુંબની આર્થિક પરિસ્થિતિ સામાન્ય મધ્યમ વર્ગની હતી. માતાને ઘરમાં સહુ 'આક્કા'ના નામે સંબોધતાં. [પિતાનો જન્મ સને ૧૮૫૫માં, અને મૃત્યુ ૧૯૧૫ની સાલમાં; માતાનો જન્મ ૧૮૮૫માં, મૃત્યુ તા. ૭ ઑગસ્ટ ૧૯૫૪ને રોજ.] ૧૯૧૫ની સાલ સુધી ગુર્જર કુટુંબ મુંબઈમાં રહ્યું; પિતાના દુઃખદ અવસાન પછી, સને ૧૯૧૬ થી ૧૯૨૪ સુધી, થોડા સમય મુંબઈમાં અને બાદ કોલ્હાપુરમાં મંગળવાર પેઠમાં આવેલ પળસુલે વાડામાં ગુર્જર કુટુંબીજનો રહ્યાં; ત્યાર બાદ તેઓ મુંબઈ પાછાં ફર્યાં, અને દાદરમાં સર ભાલચંદ્ર રોડ, ૩૪, વિન્સેન્ટ સ્ક્વેર પર આવેલા તાંબે બિલ્ડિંગમાં રહેવા લાગ્યાં. માતાપિતા બન્ને કડક શિસ્તવાળાં એટલાં જ વત્સલ અને ધર્મ-સંસ્કારપ્રેમી હતાં, જેના પાઠ અને સંસ્કાર નાનપણથી જ સંતાનોને મળેલા.

સુશીલાબહેનનું પ્રાથમિક શિક્ષણ મુંબઈમાં થયું. મરાઠી ૧ થી ૪ ધોરણ તેઓ ગિરગાંવમાં કેળેવાડીમાંની પ્રાથમિક કન્યાશાળામાં ભણ્યાં. ત્રણેક વર્ષ બાદ, સુશીલાબહેનના મામા શ્રી ગોવિંદ પાંડુરંગ ઊર્ફે ભાઉ પળસુલે મુંબઈ આવીને સહુ સંતાનોને મુંબઈથી ગગનબાવડા [કોંકણમાં] અને પછી કોલ્હાપુર પોતાના વતન અને ઘરમાં ઉછેર માટે લઈ ગયા. સુશીલાબહેનથી મોટાં ભાંડુઓમાં જ્યેષ્ઠ બહેન બનુતાઈ ઊર્ફે માઈ [લગ્ન પછી શ્રીમતી લક્ષ્મીબાઈ ગણેશ ખેર -- પતિ ડૉ. ગણેશપંત ખેર વ્યવસાયે દાક્તર હતા], પછી મોટા ભાઈ રાજારામ ઊર્ફે દાદા; સુશીલાબહેનથી નાનાં ભાંડુઓમાં રંગુ ઊર્ફે તાઈ [૧૯૨૨ની સાલમાં લગ્ન પછી સુમતિબાઈ મહાદેવ તાંબે -- પતિશ્રી મહાદેવ રામચંદ્ર તાંબે મુંબઈ મ્યુનિસિપલ

કૉર્પોરેશનના ચીફ એકાઉન્ટન્ટ પદેથી નિવૃત્ત થયેલા. -- એમના એકમેવ પુત્ર અનંત ઊર્ફે બાળ તાંબેને માંડ પાંચ વર્ષ થયાં ત્યાં ૧૯૩૧માં બાળનાં માતુશ્રી 'તાઈ' ગુજરી ગયાં]. નાના ભાઈ સદાશિવ ઊર્ફે નાના. માઈનાં લગ્ન થયાં પછી તેઓ એમના પિયરમાં [મુંબઈમાં ગિરગાંવમાં] જ રહેતાં હતાં, પણ રામકૃષ્ણપંતના અકાળ અને દુઃખદ અવસાન પછી ગુર્જર સંતાનો 'આક્કા' સાથે ત્રણેક વર્ષ ડૉ. ખેરને ઘેર મુંબઈમાં રહ્યાં. પછી પળસુલેમામા સાથે કોલ્હાપુર ગયાં. મોટા ભાઈ રાજારામ મુંબઈમાં બોર્ડિંગમાં આશરે છ સાત વર્ષ રહ્યા, અને ઉચ્ચ અભ્યાસ સારી રીતે કરીને, B.A.LL.B થઈને, મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનના એકાઉન્ટસ્ ખાતામાં નોકરીમાં જોડાયા, અને ત્યાંથી જ છેલ્લે ઊંચી પાયરીએથી નિવૃત્ત થયા. ૧૧ મે ૧૯૭૯ને રોજ 'દાદામામા' [રાજારામ] ગુર્જરનું ૭૯ વર્ષની ઉંમરે મુંબઈમાં શોકજનક અવસાન થયું.

કોલ્હાપુરમાં જ સુશીલાબહેનનું ભણતર આગળ ચાલ્યું, કારણ કે ગગનબાવડા [જ્યાં પણ પળસુલે મામાનું પોતાનું ઘરબાર હતું] માં ચાર ધોરણથી આગળ કન્યાશાળા નહોતી. કોલ્હાપુરની શ્રી અહિલ્યાદેવી ગર્લ્સ હાઇસ્કૂલમાં ધોરણ ૫ અને ૬માં બે વર્ષ એમનો અભ્યાસ આગળ ચાલ્યો. છઠ્ઠું ધોરણ માંડ પસાર કર્યું ન કર્યું ત્યાં જ, ૧૯૨૧ની સાલમાં, એમનાં લગ્ન થયાં ! અહિલ્યા કન્યાશાળામાં સુશીલાબહેનને 'સદ્‌વર્તન' માટે ખાસ ઈનામ મળ્યું, એવી સરસ વર્તણૂંક એમની હતી. પણ ઇનામ મળે એ પહેલાં જ એમનાં લગ્ન થઈ ગયાં ! [સુશીલાબહેનનું પિયેરમાંનું નામ યમુના ઊર્ફે યમુતાઈ હતું.] મરાઠી ઉપરાંત અંગ્રેજીનું થોડુંક શિક્ષણ પાંચ છ ધોરણોમાં એમણે મેળવેલું.

અમદાવાદના સુપ્રસિદ્ધ વકીલ શ્રી ગણેશ વાસુદેવ માવળંકર સાથે માર્ચ ૧૯૨૧માં યમુતાઈનાં લગ્ન થયાં, અને સાસરિયામાં એમનું નામ રખાયું શારદા ઊર્ફે સુશીલા. પતિએ 'શારદા' નામ પસંદ કરીને પાડ્યું, પણ અમદાવાદ પહોંચતાં સાસુજી [શ્રીમતી ગોપિકાબાઈ વાસુદેવ માવળંકર]એ 'સુશીલા' નામ રાખ્યું, અને એ જ પછી રૂઢ થયું. માવળંકર કુટુંબમાં વકીલ ગણેશપંત 'દાદા' તરીકે ઘરમાં અને બહાર ઓળખાતા હતા, એટલે આપોઆપ સુશીલાબહેન 'વહિની' [ઊર્ફે ભાભી]ના નામે સર્વત્ર સંબોધાવા

લાગ્યાં, તે એટલે સુધી કે સુશીલાબહેનનાં સંતાનો પણ માતાને 'વહિની' તરીકે જ સંબોધતાં થયાં. વખત જતાં, સહુ સ્વજનો અને સ્નેહીઓમાં, સુશીલાબહેનનું નામ 'વહિનીબાઈ' તરીકે વહેતું થયું.

શ્રીમતી સુશીલાબહેનનાં સંતાનોમાં કુલ છ : પૈકી, બે જન્મતાં જ મૃત્યુ પામ્યાં -- સને ૧૯૨૩માં પુત્રી જન્મી, જે બીજા જ દિવસે પ્રભુ ધામે પહોંચી ! સને ૧૯૨૬માં પુત્ર ગોવિંદ ઊર્ફે ભાઉનો જન્મ થયો, પણ તેય ઝાઝું જીવવા ન પામ્યો ! પાંચેક મહિના જ જીવ્યો ! સુશીલાબહેનના ચાર પુત્રો આ પ્રમાણે : [૧] બાળકૃષ્ણ ઊર્ફે બાળાસાહેબ, B.A. [જન્મ : ૧ નવેમ્બર ૧૯૨૨]; [૨] વિષ્ણુ ઊર્ફે બાપુસાહેબ, M.B.B.S. (Bom.) અને F.R.C.S. (Eng.) [જન્મ : ૧૩ ઑક્ટોબર ૧૯૨૪]; [૩] પુરુષોત્તમ ઊર્ફે અણ્ણાસાહેબ, M.A. [જન્મ : ૩ ઑગસ્ટ ૧૯૨૮]; [૪] નરહરિ ઊર્ફે નાનાસાહેબ, (Diploma in Engineering : Stuttgurt, West Germany), [જન્મ : ૯ સપ્ટેમ્બર ૧૯૩૧]. ચારેય પુત્રો પોતપોતાની રીતે સુશિક્ષિત અને સંસ્કાર-સમૃદ્ધ હોઈ સુશીલાબહેનને સંતાનસુખ વિપુલ પ્રમાણમાં મળ્યું. પણ, બીજા પુત્ર ડૉ. વિષ્ણુ ઊર્ફે 'બાપું'નું ૨૪ ઑક્ટોબર ૧૯૮૪ને રોજ -- દિવાળીની રાત્રિએ -- અણધાર્યું, ઓચિંતુ, એકાએક, અકાળ અવસાન થયું ! એ કારમો ઘા માતાને માટે આકરો અને અસહ્ય હતો. પ્રભુકૃપાથી, એમણે એ આઘાત દૃઢ મનોબળ સાથે ઠીક ઠીક સ્વસ્થતાથી ઝીલ્યો.

'વહિની'નું દાંપત્ય જીવન પાંત્રીસ વર્ષનું રહ્યું -- અનેકવિધ અનુભવોથી સભર, તરેહ-તરેહની તડકી-છાંયડીભર્યું, સમૃદ્ધ, સંતોષપૂર્ણ, વૈવિધ્યસંપન્ન ! હસતે મુખે, પ્રસન્ન ચિત્તે એમણે સંસારનાં સુખદુઃખ અનુભવ્યાં. ગોપિકાબાઈ જેવાં ધર્મપરાયણ, અતિ કડક તેટલાં જ પ્રેમાળ સાસુની સતત ચાંપતી નજર તળે સુશીલાબહેન સરસ ઘડાયાં. ઘરમાં, રસોઈઘરમાં કુશળ ને પ્રવીણ બન્યાં. ગૃહિણી તરીકેની બધી જવાબદારીઓ પૂરી નભાવી અને સંભાળી. પતિ ગણેશ વાસુદેવ ઊર્ફે દાદાસાહેબ માવળંકરની દિન-પ્રતિદિન વધતી વ્યાવસાયિક, સામાજિક, જાહેર, રાજકીય, સંસદીય કારકિર્દીમાં સુશીલાબહેને પોતાનાથી બનતો બધો સાથ ઉમંગભેર આપ્યો. દાદાસાહેબ કોંકણમાં રત્નાગિરિ જિલ્લામાં દોઢેક વર્ષ અટકાયતમાં સ્થાનબદ્ધ રહ્યા [૧૯૩૩-'૩૪] ત્યારે બે પુત્રો વિષ્ણુ [બાપુ] અને નરહરિ

[નાના] સાથે રત્નાગિરિ રહ્યાં. દાદાસાહેબ મુંબઈ ધારાસભાના 'સ્પીકર' થયા ત્યારે ૧૯૩૭-'૩૯નાં વર્ષોમાં મુંબઈ અને પૂના [પુણે] એમની સાથે રહ્યાં. પછી ૧૯૪૬ થી ૧૯૫૬ સુધી - દાદાસાહેબના જીવનનાં આખરનાં દસ વર્ષોમાં -- નવી દિલ્હીમાં સ્પીકરના સત્તાવાર નિવાસસ્થાને [૨૦, અકબર રોડ] રહ્યાં. 'વહિની'નું ઔપચારિક શિક્ષણ છઠ્ઠા ધોરણે અટક્યું તે અટક્યું જ ! પણ ચારેય પુત્રો જરા મોટા થયા ત્યાર પછી સુશીલાબહેને અમદાવાદમાં ભદ્રના ઘરે ખાસ 'ટ્યૂશન' વડે છ બાર માસ અંગ્રેજી વગેરેનો થોડો અભ્યાસ કર્યો હતો. જમાલપુરમાંના શ્રી આઠવલે માસ્તર એમને ભણાવવા ભદ્રના ઘરે આવતા; પછીનાં વર્ષોમાં દેશવિદેશમાં દાદાસાહેબ સાથે હરીફરીને અંગ્રેજીનો, એકંદર સંભાષણનો, વાતચીત-લેખનનો મહાવરો 'વહિની'એ વધાર્યો.

મુખ્યત્વે તો સુશીલાબહેન ગૃહિણી જ રહ્યાં -- પણ સામાજિક અને જાહેર જીવનનો સ્પર્શ પણ એમણે ઓછોવત્તો અનિવાર્યપણે મેળવ્યો જ. ભગિની સમાજ, ભદ્ર, અમદાવાદ સંસ્થાનાં તેઓ બેએક વર્ષ પ્રમુખ રહ્યાં. મહારાષ્ટ્ર સમાજની તથા સંબંધિત પ્રવૃત્તિઓમાં પણ એમણે શક્ય તે રસ ને સક્રિયતા દાખવ્યાં. પત્રલેખન પણ અનાયાસે કર્યું જ, સાથે છૂટક અન્ય થોડું લખાણ પણ પ્રવાસવર્ણનનું તથા રોજનીશીનું અને કેટલુંક આત્મકથાનક સ્વરૂપનું કર્યું. અલબત્ત, ગ્રંથસ્થ થવા જેવું અને જેટલું એ નથી, પણ સમાજનાં વિવિધ મંડળોનાં સામયિકોમાં એમના કેટલાક લેખો પ્રસિદ્ધ થયા છે. પાકશાસ્ત્ર અને રંગોળીમાં સુશીલાબહેને સુંદર સિદ્ધિ અને નામના મેળવી, આ બન્નેનો એમણે કોઈ વિધિસર અભ્યાસ કર્યો નહોતો. જોઈ જોઈને તેમ જીવતાં જાણતાં રહીને જે કાંઈ શીખાય તે તેઓ આત્મસાત્ કરતાં રહ્યાં. રસોઈનો અને રંગોળીનો શોખ એમને આજીવન રહ્યો છે. એ માટેનો અહર્નિશ ઉદ્યમ એમણે કર્યે રાખ્યો છે. રસોઈ બાબતમાં પણ માતા 'આક્કા' પાસે, પછી સાસુ 'ગોપિકાબાઈ' હેઠળ, એમણે સરસ તાલીમ મેળવી. સ્વેચ્છાથી, હોંશે હોંશે, પારકાંનું બધું સારું જોઈ-જોઈને પોતે જ શીખતાં ગયાં. ચિત્રકામમાં પણ શાળામાં તેમનો ક્રમાંક આગળ હતો, છતાં પદ્ધતિસર ચિત્રકલા શીખેલાં નહીં. સંકોચશીલ સ્વભાવ, વિનયશીલ વર્તન, ઓછાબોલાપણું એમનામાં નાનપણથી જ રહ્યું. કોલ્હાપુરની કન્યાશાળામાં એમને સદ્વર્તનનું ઇનામ મળવામાં હતું ત્યાં જ લગ્નરૂપી 'લૉટરી'નું ઇનામ સુશીલાબહેનને લાગ્યું !

૧૯૪૨ના ઑગસ્ટમાં 'ભારત છોડો' -- 'Quit India' -- આંદોલન શરૂ થયું તેમાં સુશીલાબહેને ઝંપલાવ્યું. દાદાસાહેબની તો નવમી ઑગસ્ટની વહેલી પરોઢે, અન્ય રાષ્ટ્રીય નેતાઓની જેમ, અમદાવાદમાં એમના ઘરે ધરપકડ કરાયેલી અને સાબરમતી જેલમાં તેમને અટકાયતમાં રખાયેલા. સપ્ટેમ્બર ૧૯૪૨માં, અમદાવાદમાં શહેરની સક્રિય મહિલાઓની નેતાગીરી હેઠળ એક વિશાળ વિરોધ સરઘસ નીકળ્યું તેમાં 'વહિની' પણ જોડાયાં અને અન્ય અગ્રણી મહિલા કાર્યકરો સાથે આગલી હરોળમાં ઊભાં રહીને પાશવી પોલીસ બળનો અને ટિયર ગૅસનો ખુલ્લંખુલ્લા સામનો કરવાનું, આપમેળે અને રાજીખુશીથી સ્વીકાર્યું ! એ માટે માતાને સંતાનોએ પ્રોત્સાહિત કર્યાં, સાથે સાથે સાસુજીએ પણ 'વહુ'ને એવા વિરોધ સરઘસમાં જોડાવા સંમતિ આપી એ જાણીને દાદાસાહેબ સાબરમતી જેલમાં રાજી રાજી થયેલા ! અન્ય અગ્રણી મહિલાઓ સાથે એમની પણ ધરપકડ થઈ, કેસ ચાલ્યો, ત્રણ માસની કેદ અને પાંચસો રૂપિયા દંડની સજા થઈ, પણ દંડ ભર્યો નહીં એટલે કુલ ૪ માસ જેલવાસ ભોગવ્યો. આમ, સુશીલાબહેન પણ 'સાબરમતી મંદિર઼નાં' યાત્રિ ને રહેવાસી બન્યાં !

દેશભરમાં તેમ પરદેશમાં પણ ઘણાખરા પ્રવાસોમાં દાદાસાહેબ સાથે સુશીલાબહેન મોટે ભાગે હોય જ ! જાહેર જીવનની ઝાઝી સમજ નહીં, પણ ફરજબુદ્ધિથી પતિ સાથે સહપ્રવાસી બન્યાં. એમણે પોતે જ એક વાર કહેલું તેમ, પતિના પગલે ચાલવામાં અને પતિની પાછળ રહીને એમના પડછાયા સમા બની રહેવામાં, સુશીલાબહેને જીવનની સાર્થકતા ગણી અને ધન્યતા માણી ! એ રીતે એમણે લગભગ આખું ભારત જોયું. ભારત-દર્શન ઉપરાંત ૧૯૪૮, ૧૯૫૦, ૧૯૫૨, ૧૯૫૩માં સુશીલાબહેને દાદાસાહેબ સાથે બ્રિટન, પશ્ચિમ યુરોપ ખંડના દેશો, અમેરિકા, કૅનેડાના પ્રવાસો પણ ખેડ્યા. તા. ૨ જૂન ૧૯૫૩ને રોજ બ્રિટનનાં મહારાણી એલિઝાબેથનાં રાજ્યારોહણની ખુશાલીના પ્રસંગે લંડનમાં તેઓ ખાસ હાજર રહેલાં. બ્રિટિશ સરકારે ત્યારે વડા પ્રધાન જવાહરલાલ નેહરુને [તથા પુત્રી ઇન્દિરાને] અને સ્પીકર દાદાસાહેબ માવળંકરને [તથા પત્ની સુશીલાબહેનને] બ્રિટનમાં ખાસ સત્તાવાર મહેમાનો તરીકે રાણીનાં 'કૉરોનેશન'માં સામેલ થવા નિમંત્રેલાં.

સ્વતંત્ર ભારતના પ્રથમ સ્પીકર દાદાસાહેબનાં સહધર્મચારિણી તરીકે દિલ્હીમાં, દેશમાં, વિદેશમાં સુશીલાબહેન સર્વત્ર પતિ સાથે ગયાં, અને

રહ્યાં ત્યાં બધે દેશ-વિદેશના સંખ્યાબંધ અગ્રણીઓને મળ્યાં, એમની સાથે વાતોચીતો કરી, હસ્તાંદોલન કર્યાં, ભોજનાદિ સાર્વજનિક મિલનોમાં ભાગ લીધો. અમદાવાદમાં તા. ૨૭ ફેબ્રુઆરી ૧૯૫૬ને રોજ હૃદયરોગના ભારે હુમલાને કારણે દાદાસાહેબે ચિરવિદાય લીધી ત્યારે તેઓ સ્પીકરપદે ચાલુ જ હતા ! અમદાવાદની લોકસભાની બેઠક એ કારણે અણધારી ખાલી પડી. પ્રથમ લોકસભાની મુદત માર્ચ ૧૯૫૭ સુધી હતી. દાદાસાહેબના સ્થાને સુશીલાબેન અમદાવાદ શહેર મતવિસ્તારમાંથી કૉંગ્રેસી ઉમેદવાર તરીકે બિનહરીફ ચૂંટાયાં [એપ્રિલ ૧૯૫૬માં] અને લોકસભામાં એમણે આશરે અગિયાર મહિના સભ્યપદ સંભાળ્યું. સ્વાભાવિક જ, તેમની પાસે સંસદીય સજ્જતા કશી ખાસ નહોતી. પણ વડાપ્રધાન નેહરુની અંગત અને આગ્રહભરી વિનંતીથી તેમણે આ કપરી તથા અનપેક્ષિત જવાબદારી, કેવળ કર્તવ્યબુદ્ધિથી, તથા પોતાનું અપાર દુઃખ મનમાં જ દબાવી-સમાવી રાખીને, સ્વીકારી અને સારી રીતે પાર પાડી. પહેલી લોકસભા પૂરી થવામાં હતી ત્યારે નવી દિલ્હીના સંસદ ભવનના પ્રાંગણમાં સહુ સભ્યો માટે વિદાય મેળાવડો યોજાયો હતો તેમાં વડા પ્રધાન જવાહરલાલ નેહરુ ખાસ ચાહીને અને આત્મીયતાપૂર્વક સુશીલાબહેનને મળવા દોડી આવેલા અને હૃદયસ્પર્શી વાતચીત કરેલી ! સંસદ સભ્યના નાતે નવી દિલ્હીમાં 'સાઉથ એવન્યૂ'માંના સંસદ સભ્યોના નિવાસસ્થાનમાં સુશીલાબહેન રહેતાં ત્યારે એમની સાથે ક્યારેક જ્યેષ્ઠ ભાઈ રાજારામ ગુર્જર ['દાદામામા'] રહેતા તો ક્યારેક પુત્ર પુરુષોત્તમનો સંગાથ રહેતો. લોકસભામાં સુશીલાબહેન નિત્ય અને નિયમિત હાજરી આપતાં, સભ્યોને રસપૂર્વક સાંભળતાં, સભાગૃહમાં તથા બહાર સહુને મળતાં કરતાં પણ ગૃહમાં ભાષણ વગેરે એમણે કર્યાં નહોતાં. એ માટેની તક કે તૈયારીનો એમને ફાળે પ્રશ્ન કે અવકાશ નહોતો.

સુશીલાબહેન છેલ્લાં ત્રીસ વર્ષથી [૧૯૫૬ થી શરૂ કરીને] ગૃહપરસ્ત શાંત જીવન, ધર્મપરાયણ વૃત્તિથી, વાચન-શ્રવણથી, કથા-કીર્તન સાંભળતાં રહીને, યાત્રા-પ્રવાસો કરીને, પુત્ર-પુત્રવધૂઓ, પૌત્ર-પૌત્રીઓ, પ્રપૌત્ર-પ્રપૌત્રીઓ સાથે સમય ગાળીને, આયુષ્યની મજલ કાપી રહ્યાં છે. બદરીનાથ-કેદારનાથની યાત્રા એમણે [અકોલા મહારાષ્ટ્રના ચૌધરી કુટુંબ સાથે મોટરમાં] કરી, તેમ ગંગોત્રી - જમનોત્રી યાત્રા પણ [અમદાવાદના સંન્યાસ આશ્રમના સ્વામીશ્રી કૃષ્ણાનંદજી મહારાજની નિશ્રામાં] પરિપૂર્ણ

કરી. દાદાસાહેબની હયાતીમાં એમણે વારાણસી-પ્રયાગ [સ્વામીશ્રી વિદ્યાનંદજી મહારાજની નિશ્રામાં] તથા હરિદ્વાર-હૃષીકેશ [સ્વામીશ્રી શિવાનંદજી મહારાજનાં દર્શન કરીને]નાં યાત્રાસ્થળોનો પ્રવાસ દાદાસાહેબ જોડે કર્યો હતો. ગીતામંદિરના સ્વામીશ્રી સદાનંદજી મહારાજ સાથે પણ ફરીથી તેઓ, હરિદ્વાર-હૃષીકેશની યાત્રા, તાજેતરનાં વર્ષોમાં, કરી આવ્યાં. ગુજરાતમાં ચાણોદ-કરનાલીનો પ્રવાસ એમણે દાદાસાહેબ તથા સ્વામીશ્રી વિદ્યાનંદજી સાથે કર્યો હતો. મહારાષ્ટ્રમાં પંઢરપુરના વિઠોબાનાં દર્શન સને ૧૯૪૬ના મે માસમાં કરેલાં. દ્વારકા અને ડાકોર, નાશિક-ત્ર્યંબકેશ્વર, રામેશ્વર, મદુરા આદિ પવિત્ર સ્થળો પણ દાદાસાહેબ સાથે જોયાં. મહારાષ્ટ્રમાં દેહુ-આનંદીનાં તુકારામ-જ્ઞાનેશ્વરનાં પવિત્ર સ્થાને પણ જઈ આવ્યાં. શ્રીનાથજીનાં દર્શને પણ નાથદ્વારાની મુસાફરી કરી આવ્યાં. જગન્નાથપુરી [ઓરિસ્સા] પણ જઈ આવ્યાં. પિયેર કોલ્હાપુરમાંના શ્રી મહાલક્ષ્મીના મંદિરે તો વારંવાર જતાં જ !

સુશીલાબહેનને વાચનનો બહુ શોખ નથી, પણ ખપ પૂરતું ને કામ પૂરતું નિત્ય થોડું વૃત્તપત્રવાચન વગેરે કરતાં રહ્યાં છે. ક્યારેક મરાઠી-ગુજરાતી ભાષાનાં ધાર્મિક-સાંસારિક સામયિકો પર પણ નજર નાખે. પરંતુ મુખ્ય વાત એ કે ધાર્મિક પાઠપૂજા એમણે વણથંભી નિત્ય ચાલુ રાખી છે. પોતાના નિવાસસ્થાન 'સેવા કુટીર'માં કુળદેવતા [શ્રી લક્ષ્મીનૃસિંહ]ની તથા અન્ય દેવતાઓની પૂજા કરવી, કરાવવી અને નિત્ય ધાર્મિક ગ્રંથવાચન કરવું — જેવાં કે 'શિવલીલામૃત'નો ૧૧મો અધ્યાય, 'દાસબોધ' [સમર્થ શ્રી રામદાસ સ્વામીકૃત], ભાગવત-રામાયણ-મહાભારત-ગીતા-જ્ઞાનેશ્વરી, - આદિનું મરાઠી-ગુજરાતી સુબોધ વાચન થોડુંક કરતાં રહ્યાં છે. પૂ. શ્રી ડોંગરે મહારાજ અને પૂ. શ્રી મોરારિબાપુની કથાઓ એમણે રસપૂર્વક પૂરી શ્રવણ કરી છે તેમ એ બન્ને સંતોના ગ્રંથોનું પણ ગુજરાતીમાં વાચન થોડુંઘણું કર્યું છે. એલિસ બ્રિજમાંના સંન્યાસ આશ્રમમાં રોજ સવારે ૮ થી ૯ નિત્યપાઠ માટે વર્ષો સુધી પગે ચાલીને કે બસમાં કે રિક્ષામાં પણ જતાં; સાંજે ૬ થી ૭ પ્રવચનો સાંભળવા પણ એ રીતે ફરીથી જતાં. આમ, સુશીલાબહેને સુદીર્ઘ અને સન્નિષ્ઠાથી સત્સંગ કર્યો. સંન્યાસ આશ્રમમાં પ્રારંભમાં થોડો સમય પૂ. સ્વામીશ્રી જયેન્દ્રપુરીનાં દર્શન-શ્રવણ, પછી ઘણાં

વર્ષો પૂ. સ્વામીશ્રી કૃષ્ણાનંદજી અને પૂ. સ્વામીશ્રી અતુલાનંદજીનાં દર્શન-શ્રવણનો નિત્ય લાભ મેળવતાં રહ્યાં. વધારામાં, પૂ. સ્વામીશ્રી મહેશ્વરાનંદજી [મુંબઈના], પૂ. સ્વામીશ્રી અખંડાનંદજી, પૂ. સ્વામીશ્રી ઈશ્વરાનંદ ગિરિજી [માઉન્ટ આબુના 'સંવિત્' સાધનાયનના], કૈલાસમઠ તથા હૃષીકેશના સ્વામીશ્રી વિદ્યાનંદજી, પૂ. શ્રી. હીરાભાઈ ઠક્કરનાં ધાર્મિક આધ્યાત્મિક પ્રવચનો પણ એમણે વર્ષોથી સાંભળ્યાં છે.

સુશીલ સ્વભાવનાં, ઘણું બધું મૂંગે મોંઢે સહન કરતાં રહેનારાં, સુજનશીલ વૃત્તિનાં અને મૃદુભાષી સુશીલાબહેન અંગત જીવનમાં ઉદ્યમી, કષ્ટ વેઠનારાં, સ્વાશ્રયી રહ્યાં છે. રસોઈપાણી કરવાં, પોતાનાં કપડાં જાતે ધોવાં વગેરે પોતે છેક સુધી કરતાં રહ્યાં છે. એમાં નાનમ કે શરમ નહીં. ઘરમાં કે બહાર નોકર ન હોય તો સ્વાવલંબન પર નિર્ભર અને સુખી ! પોતાનાં વિચાર-વાણી-વર્તણૂંકમાં અડગ અને આગ્રહી ખરાં, પણ ઇચ્છા-અનિચ્છાએ બાંધછોડ-સમાધાન પણ કરનારાં ! રૂઢિચુસ્ત અને પરંપરાગત માનસ ખરું -- પણ સાર્વજનિક જીવનમાં પતિ-સંગાથ અને દેશવિદેશના પ્રવાસોને કારણે આધુનિકતાનો અને લવચિકતાનો પણ થોડોઘણો સ્પર્શ અને અંશ ખરો ! પ્રણાલિકાગત અને સનાતની વૃત્તિ-વર્તણૂંક ખરી, પરંતુ પરપીડા કરીને નહીં ! પાપભીરુ તેટલાં જ અનેક પરિસ્થિતિઓમાં ભીરુ જેવાં પણ ખરાં ! સમગ્રતયા સહિષ્ણુ, સ્વસ્થ, સંતોષકારક, સમતોલ જીવન જીવતાં રહીને, ગમ ખાઈને, છતાં મનનું ધાર્યું કરીને, સીધુંસાદું જીવન વ્યતીત કરતાં રહીને સુશીલાબહેન માવળંકર 'સેવા કુટીર'માં જીવનસંધ્યા પસાર કરી રહ્યાં છે.

⊙ ⊙ ⊙

The future destiny of the child is
always the work of the mother.

*-- Napolean*

# માતાપિતાની શીતળ છાયા

## પુરુષોત્તમ ગણેશ માવળંકર

માતાપિતા આપણને જન્મ આપે છે, આપણું જીવન ઘડે છે; આપણા આખા આયુષ્ય માટે સંસ્કારસભર અને સુરેખ વ્યવહારનું ભાથું બંધાવી આપે છે; જિંદગીમાં જાતજાતનાં ધાર્યા-અણધાર્યા જોખમો ખેડવાની તાલીમ આપે છે. માતાની વત્સલ હૂંફ અને પિતાની પ્રેમાળ શીખ ન મળી હોય એવાં સંતાનો ભાગ્યે હશે !

માબાપ હયાત હોય ત્યારે બાળકો જાણે બેફિકર રહીને મસ્તીથી આનંદ-કિલ્લોલ કરતાં હોય છે. બાળક મોટું થાય, અને ભાગ્યવશાત્ માતાપિતા બંને જીવતાં હોય, તો મોટી ઉંમરનાં સંતાનોનાં દિલ-દિમાગમાં પણ બાળસહજ આદરભાવ માતાપિતા પ્રત્યે અખૂટ વહેતો રહે છે. જ્યારે જગતમાં માબાપ સદેહે ન હોય ત્યારે પણ એમનું હેતભર્યું શિરછત્ર સંતાનો પર સતત છવાયેલું હોય જ છે. વડીલજનોના આત્માની આશિષ, અને એમની આત્મીય લાગણી, સંતાનો સાથે અખંડ જોડાયેલી હોય છે.

એવું બને કે, માબાપ જીવતાં હોય ત્યારે એમની હાજરી અને હૂંફ સંતાનો અનુભવે તો પણ દેખીતી રીતે એને ઓળખી અને પકડી ન શકે ! સંતાનોનું દુર્ભાગ્ય હોય તો, માતાપિતાની કાયમની ગૅરહાજરીમાં પણ એ બંનેનું વાત્સલ્ય સંતાનો જાણી કે સમજી ન શકે ! અલબત્ત, જે સંતાનોને ગળથૂથીમાં સરસ સંસ્કારો મળ્યા હોય, અને એ વિષે તે નિરંતર સભાન રહે, તેને તો માતાપિતાની હયાતીમાં કે પછી પણ વડીલની વહાલભરી ઓથનો જીવંત સાક્ષાત્કાર હરહંમેશ થતો હોય છે જ.

આપણે ત્યાં કહેવાયું જ છે કે કુપુત્ર [કે કુપુત્રી] હોઈ શકે, કુમાતા [કે કુપિતા] સંભવી ન શકે ! ['कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति।'] તેમાંયે, માતાનો જીવ તો સદૈવ એવો પ્રેમસભર હોય છે કે એને કુપુત્ર પણ સુપુત્ર જ રહેવાનો !

પ્રાચીન કાળથી ભારતીય સંસ્કાર માતાપિતાને, તેમ ગુરુને અને અતિથિને પણ, નિત્ય વંદનીય ગણવાનું શીખવે છે અને સમજાવે છે. 'અનુશાસનમ્'નો આદર્શ નકશો આચાર્ય જ્યારે વિદ્યાર્થી સમક્ષ રજૂ કરે

છે ત્યારે આરંભમાં આચાર્ય કહે છે : 'હું તને ઉપદેશ આપું છું : सत्यं वद । धर्मं चर ।' પછી, તરત, ગુરુ ઉમેરે છે કે, 'સ્વાધ્યાય કરવાનું કદી ચૂકતો નહીં !' 'સ્વાધ્યાય કરવામાં ક્યારેય આળસ કરતો મા !' આગળ જતાં, વિદ્યાર્થીને આચાર્ય કહે છે : 'मातृ देवो भव । पितृ देवो भव ।'

આમ, માતાપિતાને દરેક સંતાને પ્રાતઃસ્મરણીય માનીને એમને રોજ પ્રણામ કરવાનાં છે. માતાપિતા એ દેવતા છે એમ માનવા પાછળ એક અગત્યનો અર્થ એ કે સાક્ષાત્ ભગવાન જાણે માતાપિતામાં વસે છે, અગર કહો કે, માતાપિતા મારફત પ્રભુ પ્રકટે છે !

સ્વામી વિવેકાનંદે આ વાત એમની તેજસ્વી સરળ શૈલીમાં સરસ કરી છે. સ્વામી વિવેકાનંદ દિવ્યાત્મા હતા તે સાથે જ રાષ્ટ્રભક્ત, સંત, પ્રખર સમાજસુધારક, પ્રબુદ્ધ કેળવણીકાર, પ્રભાવશાળી વક્તા, ક્રાંતદર્શી કવિ હતા.

'કર્મ-યોગ' પરના એમના પુસ્તકમાં સ્વામીજીએ લખ્યું છે તેમ, હિન્દુ શાસ્ત્રો પ્રમાણે, દરેક વ્યક્તિનું જીવન કેટલાંક વિશિષ્ટ ફરજોથી ભરેલું છે. 'મહા-નિર્વાણ-તંત્ર'માંના થોડા ફકરા ટાંકીને સ્વામીજી જણાવે છે કે, ''ગૃહસ્થી બનવાનું દરેક માણસ માટે કપરું છે અને માણસ પોતાનાં તમામ કર્તવ્યો સંપૂર્ણ રીતે બજાવે એ અઘરું છે ખરું, છતાં કર્તવ્ય-પાલનની દિશામાં મનુષ્યે હંમેશ આગળ વધવું જોઈએ.'' એવાં કર્તવ્યોમાં, 'મહા-નિર્વાણ-તંત્ર'માં સૂચવ્યા મુજબ : ''માતા અને પિતા એ ઈશ્વરના દૃશ્ય પ્રતિનિધિઓ છે'' એ જાણીને ગૃહસ્થીએ હંમેશ અને બધી રીતે માતાપિતાને ખુશ રાખવાં જોઈએ. જો માતા પ્રસન્ન રહે, અને પિતા પણ, તો ભગવાન પોતે મનુષ્યથી પ્રસન્ન રહે છે. જે બાળક પોતાનાં માબાપ સાથે કદી પણ કઠોર વચનો ઉચ્ચારતું નથી એ જ ખરેખર સારું બાળક છે. મા-બાપ આગળ આપણે ઠઠ્ઠા-મશ્કરી કરવી ન જોઈએ. અસ્વસ્થતા દાખવવી ન જોઈએ, ગુસ્સો કે ક્રોધ બતાવવો ન જોઈએ. માતા કે પિતા સમક્ષ બાળકે નીચા નમીને ઊભા રહેવું જોઈએ, અને વડીલની આજ્ઞા ન થાય ત્યાં સુધી બાળકે બેસવું ન જોઈએ. જે ગૃહસ્થી પોતાનાં માતાપિતાને ભોજન મળતાં પહેલાં જ જમી કરી પરવારે છે એ પાપ આચરે છે. માતા અને પિતા એ આપણાં શરીરનાં કારણો છે; માટે, એમને સારું લાગે તથા એમનું હિત થાય તે

ખાતર મનુષ્યે હજાર તકલીફો ઉઠાવવી જોઈએ." પ્રાચીન સમયના આપણા દેશ અને સમાજનો આ આદર્શ અને માપદંડ જરૂર અઘરો છે, પણ એ અશક્યવત્ નથી; અને, મુખ્ય વાત એ કે, આધુનિક જમાનાના નામે ને નાતે, સૈકાઓ પહેલાંના સમયના આ આદેશને હસી કાઢવા જેવો તો તે જરાયે નથી.

આપણાં અનેક સ્તોત્રો અને પ્રભુ-સ્તુતિ વચનો જોઈશું તો એક વાત એ બધાંમાં ફરી ફરી ઘૂંટાઈ છે. 'રામરક્ષા સ્તોત્ર' એ શ્રીરામની સ્તુતિનું મધુર નાનકડું ગેય કાવ્ય છે. એમાંનો ૩૦મો શ્લોક જુઓ :

माता रामो मत्पिता रामचंद्र
स्वामी रामो मत्सखा रामचंद्र ।

[શ્રી રામ ! આપ મારી માતા છો, આપ જ મારા પિતા છો, આપ જ મારા સ્વામી છો, અને આપ જ મારા મિત્ર પણ છો.]

શ્રી નૃસિંહ સ્તોત્રોમાંના 'श्री नृसिंहकवचम्'માં પણ આ જ વાત મુકાઈ છે, એનો ૩૩મો શ્લોક આ પ્રમાણે શરૂ થાય છે :

माता नृसिंह श्च पिता नृसिंहो
भ्राता नृसिंह श्च सखा नृसिंह श्च ।

[નૃસિંહ માતા છે તેમ પિતા પણ છે, ભાઈ છે તેમ મિત્ર પણ છે.]

આમ, માતાપિતાને સાક્ષાત્ દેવ માનીને એમની આમન્યા રાખવાની છે, હરહંમેશ એમનો આદર-સત્કાર કરવાનો છે.

આપણા એક કવિએ ગાયું છે કે, રોજ સવારે વહેલા ઊઠીને દરેક સંતાને માતાપિતાને વંદન કરવાં જોઈએ.

ગુજરાતના જાણીતા સંત પુનિત મહારાજનું લખેલું એક કાવ્ય યાદ આવે છે : 'માબાપને ભૂલશો નહીં.' એની શિખામણ આપતાં તેઓ લખે છે :

"ભૂલો તમે બીજું બધું, માબાપને ભૂલશો નહીં;
અગણિત છે ઉપકાર એના, એ કદી વિસરશો નહીં."

પૂરા નવ માસ સુધી માતાએ પોતાના ગર્ભમાં સંતાન-બીજ ઉછેરતાં અનેક અસહ્ય અને અકથ્ય યાતનાઓ વેઠી હોવા છતાં, પ્રસૂતિની વેળાએ

માતા પોતાની એ બધી વેદનાઓ ભૂલીને, જન્મનાર બાળકનું મુખડું જોઈ પુલકિત થાય છે, અને પોતાની અનુભવેલી, અપાર વ્યથા નિમિષમાત્રમાં ઓગળી જાય છે; અને, પછી કેવી કાળજીથી તથા હેતસભર દેખરેખ વડે માતા પોતાના બાળકનું સતત સાંગોપન કરે છે ! ક્યારેય એ થાકતી નથી, કદીયે એનું મુખ કરમાતું નથી. પોતાના સંતાનના સુંદર ઉછેરમાં એ અવિરત રચીપચી રહે છે. આવી માતાને ભુલાય જ કેમ ? જીવનમાં બીજું ઘણું બધું મળશે, પણ પ્રેમાળ માતાપિતા અને એમના નિરપેક્ષ વહાલ આગળ બધું ઓછું જ ! માટે, પુનિત મહારાજ પોતાના એ ગીતમાં છેલ્લે સંતાનોને આર્જવ સાથે શીખ આપે છે :

"ધન ખર્ચતાં મળશે બધું, પણ માતાપિતા મળશે નહીં;
એનાં પુનિત ચરણો તણી, ચાહના કદી ભૂલશો નહીં."

મારાં માતુશ્રી પૂજ્ય સુશીલાબહેન આજે [સપ્ટેમ્બર ૧૯૯૩] અમારી વચ્ચે છે એ મોટું સદ્ભાગ્ય ! ૯૦ વર્ષની એમની હાલની ઉંમરે શરીરથી તેઓ જરૂર અશક્ત થયાં છે, પણ પ્રભુકૃપાથી એમનું ચિત્ત અને માનસિક સ્વાસ્થ્ય અકબંધ છે. એમને કશી ખાસ કે ગંભીર માંદગી નથી. એમના પોતાના નિવાસસ્થાન 'સેવા કુટીર'માં તેઓ ચિ. નરહરિ અને એના કુટુંબ સાથે રહે છે, અને લગભગ રોજ એમને હું મળું છું. ઘણી વાર તો અમારી મુલાકાત અને વાતોચીતો થોડી મિનિટની જ હોય, પણ એથી મારા મનને આનંદ અને સંતોષ મળે છે. માતા સાથે એક જ ઘરમાં બહુ રહેવાનું મારા નસીબે બન્યું નથી, અને અમારી વચ્ચે વૈચારિક ભિન્નતા અનેક બાબતોમાં છે ખરી [મારાં લગ્નને કારણે, અને એ પછીનાં આજ પર્યંતનાં વર્ષોમાં તો, સવિશેષ !] પરંતુ તેથી માતા માટેનો મારો સ્વાભાવિક સ્નેહ ઓછો જરાયે થયો નથી.

'વહિની'ના જીવનમાં બે સુલક્ષણો સતત રહ્યાં છે -- અપાર સહનશીલતા અને અનંત અનુકૂલન ! ઘરમાં પૂજ્ય 'બાઈ'નું પ્રેમાળ પણ એકહથ્થુ રાજ ચાલે એટલે 'વહિની' માટે તો લગભગ દરેક બાબતમાં સહન કરવાનો જ વારો આવે ! પણ મારી માતાએ લગભગ અબોલ રહીને, અને બહારની દુનિયામાં બધો વખત હસતે મુખે ચાલીને, સહનશીલતાનું અદ્ભુત માપ અને દર્શન સંતાનોને અને સહુને પૂરું પાડ્યું છે. પ્રતિકૂળ

પરિસ્થિતિ વચ્ચે પણ કેવી રીતે સમતોલ રહેવું એનું જીવન-રસાયણ 'વહિની' પાસેથી શીખવા-સમજવા જેવું મને હંમેશ લાગ્યું છે. વળી, જેનો ઉપાય નથી તેનો ઉચાટ ન રાખવો, અને શારીરિક કે માનસિક આપત્તિ સામે પણ ફરિયાદવૃત્તિ રાખવાને બદલે આવી પડેલ સંજોગો સાથે પોતાનું જીવન ગોઠવવું એનો પણ જીવંત દાખલો 'વહિની'એ જીવી બતાવ્યો છે. ઘડપણમાં જાતજાતની તકલીફો વેઠવાની આવે, શરીરને તેમ મનને, પરંતુ એવી મુશ્કેલીઓ સાથે પણ જીવનવ્યવહારનો સુમેળ સ્થાપવાનું વલણ 'વહિની'નું રહ્યું છે. મુંબઈમાં રહેતા મારા નાનામામા ['વહિની'ના નાના ભાઈ]એ એક વાર પત્રમાં બહેન આગળ પોતાની શારીરિક વ્યાધિની વિગતે વાત લખેલી ત્યારે મોટી બહેને ['વહિની'એ] નાના ભાઈને એક પોસ્ટકાર્ડમાં ટૂંકો ટચ જવાબ એટલો જ આપ્યો કે, ''ઉંમર વધતાં, શરીરમાં જે કોઈ રોગ કે તકલીફ આવે તે, બધા આપણા મિત્રો અને હંમેશના ઘરવાસી છે એમ માનીને ચાલવું, અને ફરિયાદી જીવ રાખીને મનને ઉદ્વેગ થવા ન દેવો !''

''માનવીનાં તન-મનને સૌથી વિશેષ પોષણ અને પ્રેરણા આપનાર જો કોઈ હોય તો તે માતા છે.'' એમ સ્વામીશ્રી દયાનંદ સરસ્વતીએ લખ્યું તે ઉચિત જ છે. ''માતાનો પ્રેમ માણસ માટે, ખરેખર, જીવનનો મોટામાં મોટો આશીર્વાદ છે.'' એવું ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને કહ્યું છે તેની યથાર્થતા મેં માતાપિતાના અહીં આલેખેલા વ્યાપક અર્થમાં અને વિશાળ સંદર્ભમાં ભરપૂર અનુભવી છે. માતાપિતા જેવા ગુરુ બીજા ભાગ્યે જ સંભવે ! અને, જન્મ આપનાર માતાપિતા ઉપરાંત કેટલાક અન્ય મંગલ અને પવિત્ર આત્માઓનો સાથ-સંગાથ મળે એ પણ એક રીતે માતાપિતાની અને ગુરુજનોની જ અપ્રતિમ આશિષ છે. અંગ્રેજી કહેવત છે કે, ''એક માતા સો શિક્ષકોની ગરજ સારે છે.'' જીવનમાં હું આવાં માતા-પિતા-ગુરુજનો પાસેથી અતિ મૂલ્યવાન અને મહત્ત્વની એવી થોડીઘણી તાલીમ મારી સૂઝ-સમજ, આવડત અને કક્ષા મુજબ મેળવી શક્યો એમાં પરમાત્માની કૃપા જ !

પાંચમી લોકસભામાં ગુજરાતમાંની 'નવનિર્માણ' ચળવળના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં, ૭ સપ્ટેમ્બર ૧૯૭૪ને રોજ, મેં સભાગૃહની અંદર ગુજરાતીમાં સર્વ-પ્રથમ પ્રવચન કરેલું તેમાં કહેલું કે, ''ગુજરાતી

અને મરાઠી બંને મારી માતૃભાષાઓ છે. જે માતાએ મને જન્મ આપ્યો છે તે મરાઠીભાષી છે, પણ ગુજરાતમાં -- અમદાવાદમાં -- હું જન્મ્યો. છેલ્લાં ૨૨૫ વર્ષ ઉપરાંતથી અમારું માવળંકર કુટુંબ ગુજરાતમાં આવીને વસ્યું છે -- ગુજરાતનું બનીને રહ્યું છે. અને, તેથી, ગુજરાતની ધરતી-માતાને ખોળે હું આજ દિન સુધી ઊછર્યો છું, અને એની ધરતી તથા પ્રજા સાથે હું આત્મસાત્ થયો છું, એનાં હવાપાણી પર મારું પોષણ થયું છે, એટલે, ગુજરાતી પણ સ્વાભાવિક જ મારી માતૃભાષા છે; વળી, વધારામાં, ગુજરાતી મારી પત્ની-ભાષા પણ છે !"

સમય વીતતાં આ મનોભાવ હું વધુ ને વધુ માત્રામાં અનુભવતો અને વાગોળતો રહ્યો છું. મારું જીવનઘડતર જે કાંઈ થયું તે ઈશ્વરની અસીમ સહાયથી, પૂર્વજો અને માતાપિતાના શુભ-મંગલ સંસ્કારોથી, જીવન-સમૃદ્ધ ઘરના મુક્ત અને શૈક્ષણિક વાતાવરણથી ! હું પોતે હજી ભલે અલ્પ અને અદનો રહ્યો, તથા મારું ઘડતર તેમ વર્તન ભલે અધૂરું અને અપૂર્ણ જ રહેવા સર્જાયું, પણ માતાપિતાનો અને માતૃપિતૃતુલ્ય અનેક મહાનુભાવોનો તથા વડીલજનોનો શીળો છાંયો અને એમના સંસ્કારોનો સંગીન ફાળો મારા સદ્નસીબે સતત ઉપભોગવાનો આવ્યો એથી હું ખૂબ કૃતજ્ઞ અને ખરેખર પ્રસન્ન છું !*

⊙ ⊙ ⊙

Don't poets know,
Better than others ?
God Can't be always everywhere; and, so,
Invented Mothers.

-- *Sir Edwin Arnold.*
***[Mothers]***

---

* શ્રીમતી વિજયાબહેન ચંદ્રશંકર શુક્લ સંકલિત 'માવતરને ચરણે' ગ્રંથની બીજી આવૃત્તિ (સપ્ટેમ્બર ૧૯૯૫)માં પ્રગટ થયેલ વિસ્તૃત લેખ 'માતાપિતાનો શીળો છાયો અને વાલીજનોનો સંસ્કાર-વારસો'માંથી નીવડેલા ફકરા. સદર ગ્રંથ દક્ષ પ્રકાશન, અમદાવાદ તરફથી નવેમ્બર ૧૯૯૩માં પ્રગટ થયેલો અહીં પુનર્મુદ્રિત કરેલ લખાણનું મથાળું નવું કર્યું છે.

**-- સૌજન્ય અને ઋણસ્વીકાર : સંકલનકાર અને પ્રકાશક**

# વહાલસભર માતુશ્રીની વસમી ચિરવિદાય

## પુરુષોત્તમ ગણેશ માવળંકર

'વહિની' - મારાં વહાલસોયાં માતુશ્રીની ચિરવિદાય આટલી બધી વસમી બની રહેશે એનું ભાન તો માતાના દેહાન્ત પછી જ હવે વધુ ને વધુ થવા લાગ્યું છે ! ૧૧મી ડિસેમ્બરે, સોમવારે, સાંજના સાડા પાંચના અરસામાં માનો દેહવિલય થયો; પૂજ્ય 'વહિની'ને ૯૨મું વર્ષ ચાલતું હતું, અને શરીર ક્રમશઃ ક્ષીણ થતું રહેલું, છતાં જાણે વહેલી અને અકાળે એ ચાલી ગઈ ! પિતા, પૂજ્ય દાદાસાહેબ, તો સાચે જ, ૬૭ વર્ષ અને ૩ માસની, પ્રમાણમાં નાની વયે, ૨૭ ફેબ્રુઆરી ૧૯૫૬ને રોજ, સોમવારે સવારે ૭-૫૦ વાગે, સ્વતંત્ર ભારતની પ્રથમ સંસદના સર્વપ્રથમ સ્પીકર તરીકે પૂરા કાર્યનિષ્ઠ હતા ત્યાં જ, અચાનક ચિરનિંદ્રામાં પોઢી ગયા ! એ દુઃખદ ક્ષણથી આજ લગી, છેલ્લાં લગભગ ૪૦ વર્ષ સુધી, માતાપિતાની હાજરી મેં માતાની હયાતીથી અને એની વત્સલ હૂંફને લીધે નિરંતર અનુભવેલી ! પ્રેમાળ અને માર્ગદર્શક માતાપિતા બંને હવે સદેહે નથી ત્યારે આ ૧૧ દિવસ કેટલા લાંબા અને કેવા કપરા નીવડ્યા એ મારું મન જ જાણે છે -- અંતરની વ્યથા અને વિયોગની વેદના કઈ રીતે વ્યક્ત કરવી એ સમજાતું નથી; શબ્દો અપૂરતા લાગે છે એટલા જ અર્થહીન ! જીવનમાં ઊંડો ખાલીપો અનુભવું છું અને હૈયું ગમગીની તથા બેચેની વડે ભરાયું છે.

પરંતુ, કંઈક સ્વસ્થ થવા મથું છું ત્યારે ખ્યાલ આવે છે કે હું કેવો ભાગ્યવાન ! ચારિત્ર્યશીલ અને સંસ્કારસંપન્ન માતાપિતાના સંતાન થવાનું મારા નસીબમાં લખાયું, અને ઘણાં બધાં વર્ષો સુધી એમની શીળી છાયા મેળવતા રહેવાનું અનેરું સુખ સાંપડ્યું ! પરમાત્માની કૃપા અપાર છે; અસંખ્ય સંતાનો કવેળાએ શિરછત્ર ગુમાવી બેસે છે, જ્યારે મારા જેવાને દસકાઓ સુધી એ પ્રાપ્ત થયું. એટલે કોઈ પ્રકારે ફરિયાદ કરવાનો કશો જ અધિકાર મને નથી. આમેય, દયાળુ પ્રભુ જે કાંઈ સુખદુઃખ આપણને સહુને આપે છે તે આપણા લાભ અને હિત માટે જ ! અને માતાપિતા

હવે નથી એમ પણ હું કઈ રીતે કહી શકું ? સદેહે તેઓ આજે દશ્યમાન નથી ત્યારે જ એમની જીવંત ચેતનાનો સ્પર્શ મને સવિશેષ થાય છે, અને પૂજ્ય દાદાસાહેબ તથા પ્રેમસભર 'વહિની' બેઉ આજે એક રીતે વધુ સમીપ હોવાની પૂરેપૂરી શ્રદ્ધા દઢતર બને છે. વધારામાં, કેવળ જન્મ આપનાર માતાપિતા જ નહીં પણ, સંસ્કાર ઘડતર કરનારા અને સાચી દિશા સતત ચીંધનારા જે નીવડેલા વડીલજનો તથા તેજસ્વી પૂર્વજો વિધાતાએ બક્ષ્યા તે બધાંનો સચેત સંગાથ પણ માણતો રહ્યો છું !

માતુશ્રીની વધતી જતી ઉંમરને કારણે ઘડપણની જે અનિવાર્ય નબળાઈ આવે તે બાદ કરતાં 'વહિની'ને છેક સુધી કોઈ ખાસ કે મોટી બીમારી નહોતી. થોડા વખતથી એમનું હલનચલન જોકે ઘણું અટકી ગયેલું, પણ પથારીવશ રહેલ મા આખરી ક્ષણ સુધી પ્રસન્નચિત્ત અને પ્રભુપરાયણ રહેલી. જીવંત માતાની મુખમુદ્રા પર જે નીરવ શાંતિ હંમેશ જોવા મળતી તે જ પરમ શાંતિ એના મૃતદેહ પર પણ વરતાતી હતી ! પાંચમી ડિસેમ્બર, મંગળવાર સાંજ સુધી તેઓ પૂર્ણ જાગ્રત હતાં, અને ધીમા સાદે થોડી વાતચીત પણ કરતાં અને સાંભળતાં; પરંતુ બુધવારથી અર્ધબેભાન જેવી અવસ્થા શરૂ થઈ, છ દિવસ ભાગ્યે એ કશું બોલ્યાં, પણ ચિત્તમાં પ્રભુસ્મરણ અને હોઠ પર 'ૐ નમો ભગવતે વાસુદેવાય'ના જપ ચાલુ હશે જ ! સંત તુકારામે પોતાની જીવનસંધ્યાએ વૈકુંઠ જતાં જે અભંગ ગાયો તેની આરંભની પંક્તિઓ પૂજ્ય 'વહિની'ના મનમાં ઊમટતી રહેતી : 'આમ્હી જાતો આપુલ્યા ગાંવા, આમુચા રામરામ ઘ્યાવા; તુમચી આમચી હે ચિ ભેટી, યેથુનિયાં જન્મતુટી; આતાં અસોં દ્યાવી દયા, તુમચ્યા લાગતસે પાયાં.' વિદાયની અંતિમ ઘડી આવી પહોંચ્યાની પૂર્વસૂચના ['પ્રિમૉનિશન'] માને મળી ગઈ હશે એથી જ તુકારામના શબ્દોમાં અમને સહુને 'આવજો' કર્યા ! એ છ દિવસ એમણે અન્નજળનો ત્યાગ કર્યો, વિદાયની પળે બને તેટલા દિવ્ય અને સ્વચ્છ શરીરે પ્રભુના ધામમાં પહોંચી જવાની માને ઉત્કંઠા હતી. તેથી જ, આખરી દિવસો દરમ્યાન જૈનોમાં જેમ 'સંથારો' કરે છે એવું કંઈક 'વહિની'એ વિચાર્યું હશે. સ્વાતંત્ર્યવીર સાવરકરે અને આચાર્યશ્રી વિનોબા ભાવેએ મૃત્યુને નજીક આવી રહેલ દેખતાં 'પ્રાયોપવેશન'



Acc. No. 130329
Date

કર્યું હતું એવું જ લગભગ ! ૧૧મી ડિસેમ્બર, સોમવારે બપોરે આશરે સવા દોઢ વાગે હું માતુશ્રીને મળ્યો, એ જ અમારું છેલ્લું પ્રત્યક્ષ મિલન ! એ ક્ષણે પણ માએ પોતાના પુત્રને ઓળખ્યાનો સંકેત આંખના સહજ પલકારાથી આપ્યો જ ! હું કંઈક સંતુષ્ટ થયો તે સાથે જ ખૂબ અસ્વસ્થ પણ ! ચાર કલાક બાદ વહાલસભર 'વહિની'એ ચિરવિદાય લીધી !

નવ દાયકા અને દોઢેક વર્ષનું આયુષ્ય એમને ભાગે આવ્યું તેમાં વૃદ્ધત્વનાં વર્ષોમાં ભાગ્યે જ કશી મોટી માંદગી માએ અનુભવી ! છેક સુધી તેઓ તંદુરસ્ત રહ્યાં, બધી ઇન્દ્રિયો બરાબર કામ આપતી હતી, જો કે શરીરયંત્ર નિઃશંક ઘસાતું જતું હતું. પણ એમની યાદદાસ્ત એવી તીવ્ર હતી કે, બાળપણના તેમ પછીના અનેકવિધ પ્રસંગો બરાબર યાદ કરે, સ્વજનોને અને સ્નેહીજનોને એમના નામથી પ્રેમપૂર્વક બોલાવે ! ઘરડે ઘડપણે રખેને કયાંક પડી જવાય અને હાડકાં ભાંગે એ બીકે તેઓ છેલ્લા મહિનાઓમાં બિછાને જ સૂતાં રહ્યાં ! જીવનમાં કોઈ વાસના કે એષણા રહી નહોતી, લીલી વાડી મૂકીને જઈ રહ્યાંનો પરમ સંતોષ હતો. નાનાં મોટાં સોળ પ્રપૌત્રો-પ્રપૌત્રીને 'વહિની'એ સગી આંખે જોયેલાં અને રમાડેલાં !

થોડા મહિનાથી મને વારંવાર એ કહે કે, 'અણ્ણા, લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટનું જે સુંદર લોકશિક્ષણકાર્ય તું લગાતાર ચાળીસ વર્ષ ઉપરાંતથી કરતો આવ્યો છું એની કદરરૂપે તારું જાહેર સન્માન કેમ કોઈ કરતું નથી ? માતાને મારો એક જ જવાબ સતત રહેલો : ''આટલો લાંબો સમય સંસ્થા ચાલી અને હજી પણ આજીવન સભ્યોનો સુંદર સાથ મળતો જ રહ્યો છે એ સન્માન અને સહકાર ઓછાં છે ?'' વળી, દાદાસાહેબની શીખ તો આપણને હંમેશ રહી જ છે કે, ''નિયત યજ્ઞકાર્ય ચાલુ રાખો, પછી ભલે ફળ મળે કે ન મળે ! કાર્ય પાછળ દોડો, માનચાંદ માટે ફાંફાં ન મારો !'' સહજપણે પછી માતાના મુખેથી સંમતિનો સૂર નીકળ્યો ! સુખદ યોગ એવો કે, ગઈ ૨૭મી નવેમ્બરે દાદાસાહેબના ૧૦૮મા જન્મદિને લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટનું અને મારું અભિવાદન સંસ્થાના સહુ સભ્યોએ કર્યું તેનાથી 'વહિની'ને ખૂબ

પ્રસન્નતા થઈ. બે જ અઠવાડિયાં બાદ, એણે દેહ છોડ્યો, જાણે, ૨૭ નવેમ્બરનો આનંદ-પ્રસંગ જોવા જ એ જીવંત રહેલી ! પત્રકારત્વ ક્ષેત્રે સુદીર્ઘ સેવાઓ બદલ 'ગુજરાતમિત્ર'નો પ્રથમ 'પ્રવીણકાન્ત રેશમવાળા સુવર્ણપદક એવૉર્ડ' મને એનાયત થવાના સમાચાર સાંભળીને પણ મા રાજી રાજી થઈ !

આખી જિંદગી 'વહિની'એ ઘણું બધું વેઠ્યું અને ખૂબ સહન કર્યું, પણ પોતાની સમતુલા માતાએ એકંદરે સુરેખ જાળવી રાખેલી ! મારાં પૂજ્ય દાદીમા ગોપિકાબાઈ ખૂબ પ્રેમાળ એટલાં જ કડક અને શિસ્તનાં ભારે આગ્રહી ! દાદાસાહેબ એમની માતાના એકના એક પુત્ર, એટલે માની મરજી બધી રીતે સંભાળે; ઘરમાં સાસુજીના પ્રખર તાપ હેઠળ પણ મારી માતાએ એનું સ્વભાવસિદ્ધ સમત્વ સરસ સાચવેલું ! અમારા ઘરમાં હંમેશ સ્વાશ્રય અને સાદગી પર ભાર મુકાતો રહ્યો છે, પણ પૂજ્ય 'વહિની'ને એનો જરા સરખો ભાર કદીયે લાગ્યો નથી. ઓછું બોલવું, આવેલ કાર્ય સારી રીતે પાર પાડવું, જે કાંઈ થતું રહે તેમાં માનાપમાન જેવું કશું માનવું નહીં, એ બધું 'વહિની'નો સ્વભાવ અને નિત્યધર્મ બની ગયો હતો. ઈશ્વરમાં અપાર આસ્થા અને સંસ્કારી કુટુંબની જીવનશૈલી વિશે પરમ શ્રદ્ધા, એ બંનેને કારણે, ગૃહિણી તરીકેનું પોતાનું કર્તવ્ય 'વહિની' હંમેશ સરળતાથી બજાવી શકેલાં. વાસ્તવમાં મારી માતા સાચે જ એક આદર્શ અને કાર્યકુશળ ગૃહિણી હતી !

માનું પિયરનું નામ યમુના ઉર્ફે યમુતાઈ; લગ્ન બાદ 'શારદા' અને સાથે સાથે 'સુશીલા' નામ મળ્યાં, કૌટુંબિક તેમ જાહેર જીવનમાં તેઓ સુશીલાબહેન તરીકે જાણીતાં થયાં, પણ ઘરમાં સહુ એમને 'વહિની' કહેતાં, અને એ જ નામથી અમે સંતાનો પણ માને સંબોધતા.

મરાઠીમાં 'વહિની' એટલે 'ભાભી'; માર્ચ **૧૯૨૧માં લગ્ન થયા** પછી સાસરે આવ્યાં ત્યારે કુટુંબીજનોનાં એ 'ભાભી' બન્યાં. મારી માતાનું પિયર મુંબઈ અને કોલ્હાપુર. એમનો જન્મ થયો મુંબઈમાં [૪ ઑગસ્ટ ૧૯૦૪ને રોજ], અને બાળપણનાં થોડાં વર્ષ મુંબઈમાં રહ્યા બાદ એ

કોલ્હાપુરમાં મામાને ઘેર ઊછર્યાં. યમુતાઈનું 'ગુર્જર' કુટુંબ અને મામાનો 'પળસુલે' પરિવાર બંનેની આર્થિક સ્થિતિ સાધારણ જ; પળસુલે મામા તો ઑર સાધારણ મધ્યમવર્ગના ! કોલ્હાપુરમાં માંડ પાંચ-છ ધોરણનું ભણતર થયું ત્યાં જ 'વહિની' અચાનક વિવાહબદ્ધ થઈને નાનાશા ઘરમાંથી એકદમ મોટ્ટા ઘરમાં આવીને વસ્યાં. ૧૭ વર્ષ પિયરમાં, પછીનાં ૩૫ વર્ષ લગ્નજીવનનાં, અને ત્યાર બાદ ૪૦ વર્ષ વૈધવ્યની સ્થિતિમાં ગાળ્યાં. મારી મા એકંદર જુનવાણી વિચારની અને ક્રિયાકાંડમાં અતૂટ માનનારી; પણ પતિ [દાદાસાહેબ]ના મૃત્યુ પછી છેક આખરી ક્ષણ સુધી 'વહિની'એ કપાળે ચાંલ્લો ચાલુ રાખેલો ! જીવનસાથીનો દેહ ગયો, પણ આત્મિક સંબંધ અખંડ રહ્યો હતો, 'મારા પતિ - મારા જીવનસાથી' નામના લેખ*માં વહિનીએ પોતાનો સમગ્ર જીવન-અનુભવ અને નિરંતરનો જીવંત ભાવ ખૂબ પ્રાસાદિક શૈલીમાં આલેખ્યો છે. આયુષ્યના ત્રિવિધ તબક્કામાંથી મારી માતા સુખરૂપ અને સફળતાપૂર્વક પાર ઊતરી એ એની જીવનસિદ્ધિ નાનીસૂની નહોતી જ !

દાદાસાહેબ સાથે 'વહિની' પણ સર્વત્ર હર્યાંફર્યાં, ઊંચે ને ઊંચે ચડ્યાં, પણ મૂળની 'વહિની'ની મીઠાશ અને કુમાશ અકબંધ રહેલી, એવી જ એની સહજ વિનમ્રતા પણ આબાદ એકધારી ચાલુ રહી હતી. ગૃહિણી, માતા, પુત્રવધૂ, સાસુ, દાદીમા, વડદાદી જેવી અનેકવિધ ભૂમિકાઓ માએ સરસ નભાવી. આ બધા દસકાઓ દરમ્યાન એણે જાતજાતની તડકી-છાંયડી જોઈ, વિવિધ કડવા મીઠા ઘૂંટડા પીધા, અનેક પ્રકારનાં સુખદુઃખ અનુભવ્યાં, પણ અંતિમ વર્ષો સ્વસ્થતાથી અને અત્યંત સંતોષપૂર્વક પસાર કર્યાં. પહેલેથી જ 'વહિની' રસોઈમાં ખૂબ નિપુણ; પૂરણપોળી અને જલેબી તથા મોદક તો 'વહિની'નાં જ ! ઘરકામમાં પણ એ એટલી જ કુશળ અને ચોક્કસ. વાચનનો થોડો શોખ ખરો, પણ મોટે ભાગે ધાર્મિક ગ્રંથોનું પારાયણ અને શ્રવણ કરવામાં રસતરબોળ વધારે રહે ! રંગોળીમાં પણ એ એટલી જ પ્રવીણ : રસોઈ, રંગોળીમાં કૌશલ્ય માટે 'વહિની'ને સંખ્યાબંધ ઈનામો મળેલાં.

---

* પૃ. ૩૨ થી ૪૦ પર સદર લેખ છપાયો છે.

દાદાસાહેબ જ્યારે મુંબઈ ધારાસભાના સ્પીકર થયા [સને ૧૯૩૭] ત્યારે એમને પહેલી વાર લાંબો સમય અમદાવાદના ઘરેથી દૂર રહેવાનો પ્રસંગ પ્રાપ્ત થયો, તે વખતે મુંબઈમાં અને પૂનામાં દાદાસાહેબની જોડે 'વહિની' પણ હોય જ, અને ત્યારથી મારી માતા માટે મોકળાશનું અને વિકાસનું નવું પાનું શરૂ થયું. પૂનામાં ક્વીન્સ રોડ પરના સરકારી મકાનમાં સ્પીકર દાદાસાહેબ, ચેરમૅન [મુંબઈની ઉપલી ધારાસભાના] મંગળદાસ મંછારામ પકવાસા અને મહેસૂલ પ્રધાન મોરારજીભાઈ રણછોડજીભાઈ દેસાઈ એકસાથે રહેતા ત્યારે ત્રણેય કુટુંબોનું એક જ રસોડું ચાલતું અને તે પૂરેપૂરું 'વહિની'ને હસ્તક ! પછીથી, ૧૯૪૬થી ૧૯૫૬નાં દસ વર્ષ સુધી નવી દિલ્હીમાં સ્પીકરના સત્તાવાર નિવાસસ્થાન ૨૦, અકબર રોડમાં 'વહિની'નો વ્યાપક પટ પરનો સંસાર અને વ્યવહાર ચાલ્યો. સંસદમાં દાદાસાહેબ અધ્યક્ષપદે, તો સ્પીકરના ઘરે 'વહિની' અધ્યક્ષસ્થાને ! એ વર્ષોમાં, તેમ એ પહેલાં પણ, સંખ્યાબંધ રાષ્ટ્રીય નેતાઓને મળવા-કરવાની તકો 'વહિની'ને વારંવાર મળતી રહી -- ગાંધીજી, સરદાર, પંડિતજી, રાજેન્દ્રબાબુ, રાજાજી, આદિ મહાનુભાવો સાથે અનેક પ્રસંગે મધુર સમય ગાળવાનું મારી માતાને મળ્યું, અને એનાથી એનું જાહેર તથા સામાજિક જીવન પણ અનાયાસે ઘડાતું અને સંસ્કારાતું રહ્યું. એ જ રીતે, પરદેશમાં પણ વિવિધ સ્થળોએ દાદાસાહેબ સાથે 'વહિની'ને પણ મોટા મોટા રાજપુરુષોની મુલાકાતોનો વિરલ અનુભવ ચાખવા માળ્યો, લંડનમાં વડા પ્રધાનના સત્તાવાર રહેઠાણ ૧૦, ડાઉનિંગ સ્ટ્રીટમાં ઍટલી સાથે વાતચીત કરવાનો અવસર મળ્યો. અંગ્રેજી બહુ આવડે નહીં એટલે 'વહિની' જરા ગભરાય અને શરમાય ખરાં, પણ હસતાં હસતાં અને ભાંગ્યા-તૂટ્યા અંગ્રેજીમાં 'વહિની'નું ગાડું સરસ ગબડે ! બ્રિટિશ વડા પ્રધાન ઍટલીએ જ ઊલટાનું, સંકોચ સાથે મારી માતાને એ સંભાષણ વખતે કહેલું કે, 'આપ તો આટલું યે અંગ્રેજી સરસ બોલો છો, જ્યારે મને તો આપની ભાષાનો કક્કોયે આવડતો નથી !' 'વહિની' એ બ્રિટિશ મહારાણી એલિઝાબેથનો રાજ્યાભિષેક પણ, બ્રિટિશ સરકારના ખાસ નિમંત્રણથી, લંડનમાં માણ્યો હતો.

ગૃહિણીની ભૂમિકામાં રહેલ મારી માતાને જાહેર જીવનનો પણ ઓછોવત્તો અનુભવ સરસ મળ્યો હતો. ૧૯૪૨ની 'ક્વિટ ઇન્ડિયા' લડત દરમ્યાન, 'વહિની'એ સપ્ટેમ્બર ૧૯૪૨માં અમદાવાદ શહેરમાં મહિલાઓના એક સરઘસમાં આગેવાનીભર્યો ભાગ લીધેલો; અમે સંતાનોએ માને આગ્રહપૂર્વક એમાં જોતરેલાં, અને સાસુજીએ પણ ખુશીથી સંમતિની મહોર મારી, એટલે 'વહિની' માટેનો રસ્તો મોકળો થયો. એમણે ઝંપલાવ્યું અને સાડા ત્રણ-ચાર માસનો કારાવાસ પણ ભોગવ્યો. સાબરમતી જેલમાં મહિલા રાજકીય બંદીવાનોના વિભાગમાં એ રહ્યાં ત્યારે દાદાસાહેબ પણ એ જ 'સાબરમતી મંદિર'માં સ્થાનબદ્ધ હતા ! કુટુંબની પરંપરાને છાજે એ રીતે 'વહિની'એ સ્વાતંત્ર્ય સેનાની તરીકેનું પેન્શન કદીયે લીધું નહોતું. એ જ રીતે, મારી માતાએ માજી સંસદ સભ્ય તરીકેનું પેન્શન પણ લીધું નહોતું. બન્યું એમ કે, સ્વરાજ્યનાં વર્ષોમાં પણ 'વહિની'ના માથે સાવ અણધારી રીતે, સંસદીય કાર્યભૂમિકા બજાવવાનો અવસર ઊભો થયો. પૂજ્ય દાદાસાહેબના દેહાન્ત પછી એમની ખાલી પડેલી જગ્યા પર કૉંગ્રેસી ઉમેદવાર તરીકે મારી માતાએ નામાંકનપત્ર ભરવું એવી વિનંતી ખુદ વડા પ્રધાન જવાહરલાલજીએ કરી ! અચાનક એક સવારે નેહરુજીનો મારા પર ફોન આવ્યો : ''તમારા મહાન પિતાને અંજલિરૂપે, અમે વિચાર્યું છે કે, લોકસભાની એમની બેઠક પર તમારાં પૂજ્ય માતુશ્રીને જ ઉમેદવાર તરીકે ઊભાં રાખવાં ! તમે હવે માતાને પ્રેમથી સમજાવો અને એમની સંમતિ મેળવો !'' 'વહિની' માટે આવી જવાબદારી ખૂબ કઠણ હતી, પણ સહુનું માન રાખવાની અદબથી અને આજ્ઞાંકિત વૃત્તિથી માતાએ આ કસોટી પણ કચવાતા મને સ્વીકારી અને ઉત્તમ રીતે પાર પાડી ! પ્રથમ લોકસભાના મહિલા-સભ્ય થવાનું સદ્ભાગ્ય, આમ, વણનોતર્યું જ મારી માતાને ફાળે આવ્યું. તે વખતે ગૃહના કુલ સભ્યોની સંખ્યા પાંચસો હતી, જે પૈકી ફક્ત ચોવીસ જ મહિલા સાંસદો* હતી. રાજકુમારી અમૃત કૌર, રેણુ ચક્રવર્તી, સુચેતા કૃપાલાની, મણિબહેન વલ્લભભાઈ પટેલ, ઊમા નેહરુ, વિજયાલક્ષ્મી પંડિત, અમ્મુ સ્વામીનાધન, વગેરે જેવાં અગ્રણી મહિલા આગેવાનો સાથે સંસદમાં બેસવા કરવાની અનેરી તક મારી માતાને મળી.

* પૃ. ૩૦ પર આ બધાં મહિલા સંસદ સભ્યોનાં નામો આપ્યાં છે.

વહાલસોયાં માતુશ્રી વિષે શું લખું અને કેટલું ? આંખો એકધારી ભીની છે અને હૈયું લાગણીથી સતત ઊભરાય છે, છતાં કલમ આટલી ચાલી, એ જ કૃપા ! 'વહિની'ની આસ્તિકતા અને ધર્મપરાયણતા ઉત્કટ હતી; એમનો સ્વભાવ પરોપકારી અને પ્રેમાળ હતો; વિચાર-વર્તનમાં તેઓ હંમેશ વિવેકશીલ અને સૌજન્યશીલ રહેતાં. આવી ઉષ્માસભર ઉમદા માતાની યાદ કાયમ પ્રેરણા આપતી રહેશે જ ! દૈનિક જીવનમાં 'વહિની' અચૂક નિત્યપાઠ અને પૂજા-અર્ચના આદિ ભાવપૂર્વક કરતાં. પ્રાચીન ધર્મગ્રંથોનું વાચન અને પરિશીલન પણ હરહંમેશ કરતાં. પૂજ્ય ડોંગરે મહારાજનો 'શ્રીમદ્ ભાગવત્ રહસ્ય' ગ્રંથ 'વહિની'એ અનેક વાર વાંચેલો અને શ્રવણ પણ કરેલો; મારી પત્ની સૌ. પૂર્ણિમાએ એ ગ્રંથ પૂરો વાંચ્યો ત્યારે 'વહિની'એ ખૂબ આનંદ વ્યક્ત કરીને એ ગ્રંથના પહેલા પાને પુત્રવધૂને ઉદ્દેશીને [૧૫ મે ૧૯૭૨ને રોજ] લખ્યું : "પૂજ્ય ડોંગરે મહારાજની કથા અને વર્તણૂક બંને સત્ય પર આધારિત રહી છે, અને એમની વાણીમાં એક પ્રકારનો દૈવી રણકાર છે. એમના વિચારો દરેક વ્યક્તિએ શીખવા જેવા છે, માટે તું એનું મનન કરતી રહેજે એટલે મનને શાંતિ અને પ્રસન્નતા મળશે."

માતા વિનાની જિંદગી કેવી અધૂરપવાળી અને કંઈક રાંક જેવી બની રહે તેનો વિશાદ અને અનુભવ મને હમણાં જ હવે વધુ ને વધુ થવા માંડ્યો છે ! જીવન ઘડીભર ખાલીખમ લાગે છે, એકલવાયા જેવું જણાય છે. મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ કવિ યશવંતના એક જાણીતા કાવ્યની પ્રથમ પંક્તિ કાનમાં ગુંજ્યા કરે છે :

'સ્વામી તિન્હી જગાચા, આઈ વિના ભિકારી !' ['ત્રણેય જગતનો માલિક, પણ મા વિના તો ભિખારી જ !'] વહાલસભર આવાં મારાં માતુશ્રીને અશ્રુભીની ભાવાંજલિ, અને એમના દિવ્યાત્માને કોટિ કોટિ વંદન!*

⊙ ⊙ ⊙

"Men are what their
mothers made them."
- *Emerson*

---

* સુરતના સુપ્રસિદ્ધ દૈનિક 'ગુજરાતમિત્ર' (સ્થાપના : ૧૮૬૩)માંની લેખકની સાપ્તાહિક કૉલમ 'વ્યક્તિ અને સૃષ્ટિ'માં ગુરુવાર, તા. ૨૧ ડિસેમ્બર ૧૯૯૫ના અંકમાં આ શ્રદ્ધાંજલિ પ્રકટ થઈ હતી.

# મુરબ્બી 'વહિની'

## પૂર્ણિમા પુરુષોત્તમ માવળંકર

અંતિમ વિદાયને આજે એક મહિનો પૂરો થયો ! સમય કોઈની વાટ જોતો નથી. સમયની એ લીલાએ જ મુરબ્બી 'વહિની'ની જીવનલીલાને સંકેલી લીધી, અને અમને સહુને છત્ર વિનાનાં ખુલ્લાં પાડી દીધાં !

સમગ્ર માવળંકર કુટુંબનું છત્ર છીનવાઈ ગયું. કુટુંબનો મુખ્ય સૂત્રધાર ચાલુ નાટકે વિદાય થઈ ગયો ! વાત તો સાચી કે, આ જીવનનાટકનો અંત જ નથી. ઈશ્વરની અનંત લીલાનો તે કંઈ અંત હોતો હશે ?! - પણ, એક પછી એક અંકો તો સમાપ્ત થાય જ ને ? આજે 'વહિની' જતાં અમારા જીવનનો જાણે એક મહત્ત્વપૂર્ણ અંક પૂરો થયો. પણ 'શો મસ્ટ ગો ઑન' ! જેની તેની ભૂમિકાઓ ['રોલ્સ'] બદલાવાની, પણ નાટક તો આગળ ચાલવાનું જ !

સાસુ-વહુના સંબંધો બહુ નાજુક ગણાય; પરંતુ 'વહિની' જતાં મેં મારા આત્મીય વડીલજન ગુમાવ્યાં એવું લાગ્યું. મારી મા ગઈ [૨૯ એપ્રિલ, ૧૯૮૭] અને જે વેદના-વ્યથા અનુભવી એ જ વેદના-વ્યથા આજે અનુભવું છું. 'મા'ના ગયા પછી મારાં સાસુને મનથી મારાં 'મા' જ માન્યાં હતાં ! અને, ત્યારથી અમારો નાતો નિકટનો બનતો ગયો, છેલ્લે, પથારીવશ થયાં ત્યાર પછી તો તેઓ ખૂબ વાતો કરતાં જૂની જૂની યાદ કરીને - અને ક્યારેક મનનો ઉકળાટ કે ઉદ્વેગ પણ શબ્દોમાં ઠાલવતાં. આમ, અમારા સંબંધોમાં સમયે જાદુ કર્યો, અને એક જાતની વહાલપની ભાવના બંધાઈ. હું પણ એમની આગળ મનની વાતો કરતી થઈ. શરૂઆતનો સંકોચ ઓગળી જતાં, વાતોમાં આત્મીયતા આવતી ગઈ, અને અમારા એ નાજુક સંબંધો નમણા પણ બની ગયા !

આજે જ્યારે હું પણ સાઠી વટાવી ગઈ છું ત્યારે સમજાય છે કે વડીલોને વડલા જેવા કેમ કહે છે ! એમના ગયા પછી શીળી છાયા ગઈ અને આરામનો અહેસાસ ગયો -- ટાઢકનો અનુભવ ગયો -- વહાલપની લહેરકી ચાલી ગઈ, અને નિસ્બત ['કન્સર્ન']ની અધૂરપ વરતાઈ ! જાણે, અંદરથી અમે હચમચી ગયાં ! પરંતુ, જીવનની આ વાસ્તવિકતાને ઈશ્વર

પરની શ્રદ્ધાના જોરે, સ્વીકારવી જ રહી ! પૂજ્ય 'વહિની'એ અમને સહુને ખૂબ સાથ આપ્યો, પણ અમે એમને પૂરો સાથ ન આપી શક્યાં એનો અફસોસ હવે વધુ થાય છે ! દીકરી પિતાને ત્યાં ઊછરે ત્યાં માબાપના સંસ્કારો ઝીલીને સાસરિયામાંના તદ્દન નવા જ માહોલમાં પ્રવેશે છે. મારે માટે, અનેક રીતે, એ સવિશેષ સાચું હતું. સાવ અલગ વાતાવરણ સાથે મારે તાલ મિલાવવાનો હતો. એની તૈયારી અને સમજણ સાથે જ નવો સંબંધ વિકસ્યો હતો. ચારેય વડીલોએ મારી સામેના આ પડકારને સફળ બનાવવામાં ખૂબ ખૂબ સરળતા કરી આપી. પાંચમાં મારાં વડસાસુને પણ કેમ ભુલાય ? માતા [સરલાદેવી મથુરાદાસ પારેખ]એ જીવનમાં ક્યારેય કંટાળાનો અનુભવ ન થાય એ માટે નાનપણથી જ જીવનની બધી સારાઈને સ્વીકારવાનું શિખવાડ્યું એટલે કે વિવેકબુદ્ધિ ખીલવી. પિતા [મથુરાદાસ મંગળદાસ પારેખ] એ ધૈર્યનો પાઠ આપ્યો -- કેટકેટલી વિટંબણાઓ આવી, પણ 'મોટા ભાઈ' હામ ન હાર્યા ! સસરા [ગણેશ વાસુદેવ માવળંકર] એ 'શરીરમાદ્યમ્ ખલુ ધર્મસાધનમ્' એ વાક્ય મારી 'ઑટોગ્રાફ બુક'માં લખીને મને ખૂબ જ મહત્ત્વની શીખ આપી, જેને કારણે આજે પણ શરીર તંદુરસ્ત રાખવા સન્નિષ્ઠ પ્રયાસો ચાલુ રાખ્યા છે, અને જીવનના વિવિધ ધર્મો બજાવતી રહી છું; વળી, સસરાજીની 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન' ['કર્મે જ અધિકારી તું, ક્યારેય ફળનો નહીં'] ભાવનાને પામવા મથું છું છેલ્લે, સાસુમાએ તો જીવનમાં 'સમાધાન' ભાવના જ લાવી આપી ! કરકસરવાળું, સાદાઈભર્યું અને સ્વાશ્રયી જીવન કેમ જીવવું એના પાઠ ભણાવ્યા. શરૂઆતમાં બધું કપરું લાગ્યું, પણ આજે જે સંતોષ, સમાધાન અને કૃતકૃત્યતાની ભાવનાનો અનુભવ થાય છે તે કેવી પરમશક્તિ આપે છે ! દાદીમા 'બાઈ' [ગોપિકાબાઈ વાસુદેવરાવ માવળંકર]એ પણ ખૂબ વહાલ વરસાવ્યું, જે આજેય ગદગદ્ થઈ યાદ કરું છું. હવે આ બધાં વડીલજનો હયાત નથી એ વિચારથી મન ખિન્ન થાય છે. પણ પછી વિચારું છું : 'જે ગમ્યું જગત ગુરુદેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો.' વડીલોને પ્રેમાદરપૂર્વક નમસ્કાર કરું છું, અને પ્રભુ એમના સહુના આત્માને શાંતિ બક્ષો એવી હૃદયપૂર્વક પ્રાર્થના કરું છું.

⊙ ⊙ ⊙

## Mavalankar, Smt. Sushila Ganesh
## [Ex-Member, L.S.]

Father's Name : Shri Ramkrishna Gopinath, Gurjar

Date and Palce of Birth : 4 August, 1904, Bombay

Martial Status : Married Shri Ganesh Vasudeo Mavalankar [since deceased] in March 1921

Children : Four Sons

Educational Qualification : Under-Matric

Position held 1956-57 : Member * Lok Sabha [First] [Cong., Ahmedabad, Bombay]

Travels Abroad : Widely Travelled; attended British Queen's Coronation at London, June 1953.

Other Information : Participated in the Quit India Movement and imprisoned for three months; Former President, Bhagini Samaj, Bhadra.

---

* Elected in by-election.

## Annexure - VIII
## Women Members of Lok Sabha
## First Lok Sabha

(1) Amrit Kaur, Rajkumari, (2) Borkar, Smt. Ansuyabai, (3) Chakravarty, Smt. Renu, (4) Chandrasekhar, Smt. Maragatham, (5) Ganga Devi, Smt., (6) Joshi, Smt. Subhadra, (7) Kale, Smt. Anasuyabai, (8) Khongmen, Smt. Bonily, (9) Kripalani, Smt. Sucheta, (10) Mascarene, Ms. Annie, (11) Mavalankar, Smt. Sushila Ganesh, (12) Maydeo, Smt. Indira Anant, (13) Minimata Agam Dass Guru, Smt., (14) Nayar, Smt. Shakuntala, (15) Nehru, Smt. Sheoraj Vati, (16) Nehru, Smt. Uma, (17) Palchoudhari, Smt. Ila, (18) Pandit, Smt. Vijaya Lakshmi, (19) Patel, Ms. Manibahen Vallabhbhai, (20) Raiji, Smt. Jayashri, (21) Sen, Smt. Sushama, (22) Shah, Her Highness Rajmata Kamlendu Mati, (23) Sinha, Smt. Tarkeshwari, (24) Swaminadhan Smt, Ammu.*

---

* ઋણસ્વીકાર : **Women Parliamentarians in India** [Edited by C. K. Jain], Lok Sabha Secretariat, New Delhi. 1993 PP. 697 and 959.

# બીજો વિભાગ

માડી તારા અનહદ છે ઉપકાર રે,
ભવોભવ ગણ્યા ન ગણાય રે... માડી તારા.

બચપણમાં તારો ખોળો ખૂંદ્યો છે, જંપવા ન દીધી લગાર,
અંતર ઉમળકાથી ખમ્મા ખમ્મા કરીને, આશિષ દીધી હજાર રે... માડી તારા.

હાલતાં ને ચાલતાં ગાઈ હાલરડાં, પીવડાવ્યા તેં સંસ્કાર,
જીવની જેમ મને રાત દિ' જાળવતી, કેમ ભૂલું ઉપકાર કે... માડી તારા.

અમી ભરી આંખડીને વહાલભરી વાણી, હૈયામાં હેત અપાર,
માતાનું દિલડું બનાવીને માંહી, પોતે વસ્યો નિરાકાર રે... માડી તારા.

હૈયાનાં હીર પાઈ જીવન ઘડ્યું, માતાનું છત્ર પ્રેમાળ,
માતૃપ્રેમની અમર જ્યોતિ, જલતી રહેશે સદાકાળ રે... માડી તારા.

બાળકને માટે ખોળો પાથરતી, પ્રગટાવી દીવડા હજાર,
એ રે માતને મારા લાખો પ્રણામ, કોટિ કોટિ નમસ્કાર રે... માડી તારા.

[**ઋણસ્વીકાર** : શ્રી વિજયાબહેન ચંદ્રશંકર શુક્લ સંકલિત 'આપણો ભજન વારસો' પૃ. ૭૮]


✸

છત્રપતિ શિવાજી મહારાજ જેવા મર્દ માનવીની આંખોમાંથી આંસુ સુકાતાં નથી. એ ફરી ફરી રોઈ રહ્યા હતા. શાણા મુત્સદ્દીઓ સમજાવતા હતા. શૂરવીર સરદારો સાંત્વન આપતા હતા. કુટુંબીજનો, સ્નેહીઓ વીનવી રહ્યા હતા છતાં શિવાજી મહારાજની વ્યથા ઓછી થતી નહોતી. એ ફરી ફરી એક જ વાત કહેતાં : "शिवा, आता झोपून जा" આવું હવે મને કોણ કહેશે ? શિવાજી મહારાજના આદર્શ જીવનનું જેમણે ઘડતર કર્યું હતું એવાં તેમનાં માતુશ્રી જિજાબાઈ આજ તેમના પરિવાર વચ્ચે નહોતાં, સ્વર્ગે સિધાવ્યાં હતાં... સર પ્રભાશંકર પટ્ટણી સાહેબ જેવા પ્રખર મુત્સદ્દી, વિદ્વાન અને કવિ ચોધાર આંસુએ રડી રહ્યા હતા. આવા સમજદાર માનવીને સાંત્વના પણ કોણ આપી શકે ? રાજપરિવારના સભ્યો પટ્ટણી સાહેબને આશ્વાસન આપી રહ્યા હતા. પટ્ટણી સાહેબ પણ એ જ વાત વારંવાર કહીને રડતા : "પભા, હવે બહુ કામ કર્યું, હવે તો સૂઈ જા.' હવે મને આવું કહેનાર કોઈ ન રહ્યું." સર પ્રભાશંકર પટ્ટણી - ભાવનગરના દીવાન સાહેબ-નાં માતુશ્રીનું દુઃખદ અવસાન થયું હતું.

-- **શાહબુદ્દીન રાઠોડ**
['શો મસ્ટ ગો ઑન']

# મારા પતિ : મારા જીવનસાથી

## સુશીલા ગણેશ માવળંકર*



મારો જન્મ મુંબઈમાં ગિરગાંવમાં ઝાવબાની વાડીમાં આવેલી લક્ષ્મીબાઈની ચાલમાં, બીજે માળે આવેલી છેલ્લી ઓરડીમાં, સને ૧૯૦૪ના ઑગસ્ટની ૪ થી તારીખે [શ્રાવણ સુદ ત્રીજે] થયો હતો. મારા પિતા શ્રી રામકૃષ્ણ ગોપીનાથ ગુર્જર મુંબઈના બારામાં કસ્ટમ ખાતામાં નોકરી કરતા હતા. ત્રણ ઓરડીનું નાનું ઘર અમે લક્ષ્મીબાઈની ચાલમાં ભાડે રાખેલું. મારું બાળપણ મુંબઈમાં, અને પછી સંજોગોવશાત્ મારા મોસાળ કોલ્હાપુરમાં, પસાર થયું હતું.

મારું લગ્ન સને ૧૯૨૧માં કોલ્હાપુરમાં થયું અને હું અમદાવાદમાં સાસરે રહેવા આવી. મારા પતિ ગણેશ વાસુદેવ માવળંકર ઘરમાં અને બહાર 'દાદાસાહેબ'ના નામથી ઓળખાતા હતા. ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૫૬ના રોજ મારા પતિનું અકાળ અવસાન થતાં મેં ભારે આઘાત અનુભવ્યો. અમારું સુખી દામ્પત્યજીવન ૩૫ વર્ષનું રહ્યું, એમાં હું પતિની છાયા બનીને જ આખો વખત રહી હતી. પતિના પગલામાં પગલું ને ડગલામાં ડગલું મેં આજન્મ ભરેલાં.

આજે ૧૯૯૩ની સાલમાં, ૮૯ વર્ષની ઉંમરે, હું જીવી રહી છું ત્યારે પણ મારા પતિનું સ્થાન મારા માનસ-પટ પર કેન્દ્રસ્થાને જ રહ્યું છે. છેલ્લાં ૭૨ વર્ષથી, પતિની હાજરીમાં, તથા સદેહે એ હયાત નથી ત્યારેય, હું માનસિક રીતે મારા પતિ સાથે જ જીવું છું. પતિના મૃત્યુ પછી પણ મેં

* શ્રીમતી સુશીલાબેનનાં લગ્ન ૧૯૨૧માં દાદાસાહેબ સાથે થયાં, અને ૧૯૫૬માં દાદાસાહેબનું અવસાન થયું, તે દરમ્યાનના તેમના મધુર દાંપત્ય જીવનના અગત્યના પ્રસંગોનું સુશીલાબેને, ૮૯ વર્ષની એમની જૈફ વયે, આ લેખમાં નિરૂપણ કર્યું છે.

કપાળમાં સૌભાગ્ય-તિલક કરવાનું ચાલુ રાખ્યું છે. આ બધાં વર્ષો દરમ્યાન મારા પતિ મારા જીવનસાથી જ રહ્યા છે, સ્વાભાવિક જ એમનું સ્થાન અને સ્મરણ મારા માટે અનેરું, અનોખું, અણમોલ રહ્યું છે.

બાળપણમાં એક વાર હું મુંબઈમાં કાળારામના મંદિર પાસે પિતાજીથી અચાનક વિખૂટી પડી ગયેલી, મને બાજુની એક પોલીસ ચોકીમાં બેસાડી દીધી હતી. પિતાજી જ્યારે મને શોધતા શોધતા પોલીસ ચોકીએ આવી ચડ્યા ત્યારે હું ચોધાર આંસુએ રડતી એમને તરત વળગી પડી. મારા વહાલસોયા પિતાને મેં ૧૯૧૫ની સાલમાં કાયમ માટે ગુમાવ્યા. એ વખતે અમે ભાઈબહેનો ઠીક ઠીક નાનાં હતાં, ફક્ત સૌથી મોટી બેન બનુતાઈ ઊર્ફે 'માઈ'નાં જ લગ્ન થયેલાં. માઈથી નાના એવા મારા મોટા ભાઈ રાજારામ ઉર્ફે દાદા, પછી હું, મારી નાની બહેન રંગુતાઈ ઉર્ફે 'તાઈ' અને નાના ભાઈ સદાશિવ ઉર્ફે નાના એમ અમે ચાર જણાં, અમારી માતા દ્વારકાબાઈ ઉર્ફે 'આક્કા' [લગ્ન પહેલાંનું નામ દુર્ગાબાઈ પાંડુરંગ પળસુલે] સાથે એકમેકની હૂંફમાં રહેતાં હતાં. એકાએક અનાથ થયાં છતાં પ્રભુની કૃપાથી એકબીજાને સહારે જીવન ગુજારી રહ્યાં હતાં. મારી મોટી બહેન 'માઈ'નાં લગ્ન ડૉ. ખેર સાથે સને ૧૯૧૬માં થયાં હતાં અને એનું સાસરું પણ સદ્ભાગ્યે મુંબઈમાં જ હતું એટલે પિતાજીના ચાલી ગયા પછી થોડો વખત અમે સહુ 'માઈ'ને ઘેર રહેવા ગયેલાં. મોટા ભાઈ રાજારામને મુંબઈની પ્રખ્યાત ગોકળદાસ તેજપાલ બોર્ડિંગમાં રહેવા અને આગળ અભ્યાસ માટે મૂકેલા. એકાદ વર્ષમાં અમે નાનાં ભાંડુઓ 'આક્કા' સાથે અમારા મામા ગોવિંદ પાંડુરંગ પળસુલેને ઘેર કોલ્હાપુર રહેવા ગયાં. ત્યાં મામા બધે 'ભાઉ'ના નામે ઓળખાતા હતા એટલે અમે પણ મામાને 'ભાઉ' જ કહેતાં, 'ભાઉ' એમની નબળી આર્થિક પરિસ્થિતિ હોવા છતાં અમને ખાસ કોલ્હાપુર તેડી ગયેલા.

અમદાવાદના જુવાન અને દેખાવડા વકીલ ગણેશ વાસુદેવ માવળંકરને મને બે વાર બતાવી હતી -- પ્રથમ મુંબઈમાં અને પછી કોલ્હાપુરમાં - - માવળંકર એમના બેચાર વડીલજનો અને મિત્રો સાથે કન્યાની શોધમાં મુંબઈ-કોલ્હાપુર આવેલા. પહેલી વાર મારી પસંદગી થઈ નહોતી.

કોલ્હાપુરમાં મને એમની આગળ ફરી રજૂ કરાઈ ! પોતાની ભાણીને ભલે બહુ દૂરનું પણ સારું અને સંસ્કારી ઘર મળે એવી મામાને ઘણી ઇચ્છા હતી. માવળંકરને ફરી મને બતાવવામાં મામાને ખૂબ જ રસ હતો અને સદ્‌ભાગ્યે એવો યોગ પણ આવ્યો. ખુદ કોલ્હાપુરમાં માવળંકરે પાંચ-છ છોકરીઓ જોયેલી. એમાંની કેટલીક તો મૅટ્રિક અને એક બી.એ. સુધી ભણેલી હતી. જ્યારે હું અંગ્રેજી પાંચ ચોપડીઓ સુધી પહોંચેલી. પરંતુ માવળંકર એમની માતાના આદેશ અને સૂચન મુજબ સ્થળ જોતા ફરતા હતા. માવળંકર અત્યંત માતૃભક્ત હતા. એમના પિતાનું નાની વયે અવસાન થયું હતું, એટલે તેઓ માતાના દિલને જરાયે દુઃખ આપવા માગતા નહોતા. માતાની આજ્ઞામાં રહેનારા તેઓ જુવાન પુત્ર હતા.

આથી, આ યુવાને, પોતાની માતાની આજ્ઞા અને આમન્યામાં અવિરત રહે એવી છોકરીને પસંદ કરવાનું વલણ દાખવ્યું હતું. માતાને જે કન્યા પસંદ પડે એના પર જ પુત્ર પોતાની પસંદગી ઢાળવા રાજી હતા. આવી પસંદગી મારી ઉપર ઊતરી ! મારી પરીક્ષા બરાબર લેવાઈ હતી. માવળંકર કુટુંબના વડીલજન અને ક્ષયરોગના નિષ્ણાત ડૉ. જી. આર. ઉર્ફે બાપુસાહેબ તળવલકર કન્યા-શોધની મંડળીમાં હતા, અને તેમણે મને પૂરી તપાસીને હું ક્ષયરોગી નથી એવું જાહેર કર્યું. કોલ્હાપુરના પ્રખ્યાત વૈદ્ય યશવંતરાવ ગુણે અને એમના પિતા બાબા ગુણે બંને ઉત્તમ વૈદ્યો હતા, એમણે મારી નાડી-પરીક્ષા લીધી, અને એ પરીક્ષામાં પણ હું પાસ થઈ. મારી નાડી સારી રીતે ચાલે છે એવું વૈદ્યરાજે પ્રમાણપત્ર આપ્યું. જ્યોતિષ-શાસ્ત્રની દૃષ્ટિએ અને મારા બોલવા-ચાલવાની રીતભાતની ચકાસણીમાં પણ હું પાર ઊતરી હતી. મારી ઉંમર આ સમયે ૧૭ વર્ષની હતી. એ જમાનામાં આટલી મોટી છોકરી કુંવારી હોય એ બહુ નવાઈભર્યું કહેવાતું. બધાંને તો એમ જ કે આ છોકરીનું ઠેકાણું પડે ત્યારે ખરું ! મારી માતાને પણ બહુ આશા નહોતી. પરંતુ, મારા સારા નસીબે, હું એક સુશીલ, વિનયી, સંસ્કારી, ગૃહકાર્યમાં કુશળ કન્યા તરીકે પાસ થઈ હતી અને એ રીતે શ્રી ગણેશ વાસુદેવ માવળંકર જેવા એક સજ્જનને મારા જીવનભરના સાથી તરીકે પ્રાપ્ત કરવાની તક મને સાંપડી.

મારા પર માવળંકરની પસંદગી ઊતર્યા પછી તરત જ અમારા કુટુંબમાં એક આફત આવી પડી. મારાં રાધામામી [ભાઉનાં પ્રથમ પત્ની] નવજ્વરની બીમારીથી ખૂબ બીમાર પડી ગયા અને આઠ-દસ દિવસમાં જ એમનું દુઃખદ મૃત્યુ થયું. એટલે, મામાએ અમદાવાદ શોક સમાચાર મોકલ્યા. માવળંકરનાં માતુશ્રીએ તત્કાળ ચુકાદો આપ્યો કે, શોકની છાયા શાસ્ત્ર મુજબ પડે નહીં, કારણ કે ગુર્જર કુટુંબનું ગોત્ર નૈર્ધ્રુવ હોઈ પળસુલેના ગોત્રથી જુદું છે. એટલે, લગ્ન લેવાની મંજૂરી મળી ગઈ અને, મારા મામાએ પણ શોકમગ્ન સ્થિતિમાંયે લગ્નની તૈયારી ઝડપભેર કરી. લગ્ન તારીખ લંબાવવા જતાં રખેને સારું ઘર હાથમાંથી સરકી જાય એ ભયે અને ભાવે મામાએ દુઃખભાર બાજુ પર રાખ્યો અને મામીના મૃત્યુના પંદર દિવસમાં જ કોલ્હાપુરમાં મારાં લગ્ન વિધિસર પાર પડ્યાં.

લગ્ન માટે અમદાવાદથી માવળંકર સાથે ડૉ. તળવલકરનાં પત્ની શ્રીમતી કૃષ્ણાબાઈ તથા શ્રીમતી શાન્તાબાઈ દેવ આવેલાં.

પરણીને હું અમદાવાદ આવી. મારી સાથે 'અણવર' તરીકે મારી નાની માશી [શ્રીમતી શાલિનીબાઈ રામચંદ્ર કિબે] આવી હતી. અમને બંનેને ખાડિયામાં શ્રી ભાલચન્દ્ર કૃષ્ણ જાંભેકર [એન્જિનિયર અને માવળંકર કુટુંબના સ્નેહી]ને ઘેર ઉતારો અપાયો હતો. બીજા દિવસે સાંજે સારું મુહૂર્ત જોઈને ભદ્રમાં માવળંકર હવેલીમાં મારા નવા ઘરે અમને લઈ ગયા ત્યાં દેવઘરમાં અમે બેઠાં, દોઢેક કલાક ધાર્મિક વિધિ વગેરે ચાલી. એ પતી ગયા પછી હું મારાં પૂજ્ય સાસુ ગોપિકાબાઈને નીચે વળીને પગે લાગી. એમની જોડે એક મુરબ્બી મહિલા [શ્રીમતી મામી ફળણિકર] હતાં, એમને પણ પગે લાગી, અને પછી ત્યાં જોડે ઊભેલાં બીજાં પણ એક બહેનને પગે લાગી. બાજુ પર મારાં એક વિવાહિત નણંદ [ચંપુબાઈ મહાજન] ઊભેલાં. એમણે મને હળવેથી ઝીણી ચૂંટણી ખણીને કાનમાં કહ્યું કે, આ તો રસોઈવાળી બાઈ છે, પણ મારે તો મારી છાપ એક ઉદ્ધત છોકરી તરીકેની નહિ પણ નમ્ર અને કુટુંબવત્સલ વધૂની પાડવી હતી એટલે હું તો બધાંને સમાનભાવે પગે લાગી હતી.

સાસરામાં મારા આરંભના દિવસો અવનવા અનુભવવાળા બની રહ્યા. મને ગુજરાતીનો કક્કો આવડે નહિ, અને ઘરમાં બધાં, મરાઠી સાથે ગુજરાતીમાં પણ બોલે ! એ લોકો જે બોલે એમાંથી ઘણું માશીને અને મને સમજાય જ નહિ; દાખલા તરીકે, એ દિવસોમાં ભદ્રમાંના અમારા ઘરની જોડે જ આવેલા ખુલ્લા મેદાન 'હમામ'માં [અત્યારે મજૂર મહાજન સંઘ છે ત્યાં] દર શુક્રવારે 'ગુજરી' ભરાતી હતી એને 'શુક્રવારી' કહેવાતી. મારાં સાસુ કે બીજા કોઈ કહે કે 'શુક્રવારી'માંથી લાવીશું, ત્યારે ક્યાંથી અને શું લાવવાનું એની મને સમજ ન પડે. બીજો એક શબ્દ વારંવાર બોલાતો, અને એ તો મરાઠી શબ્દ હતો 'ધોરણ' - એ શબ્દ પણ મને ઘણો વખત બરાબર સમજાયો નહિ. પછી ખબર પડી કે એનો ભાવાર્થ થાય 'સમજણ' ! પરણીને તરત આવેલી એટલે કોઈ કશું મોટું કામ મને ન સોંપે. દક્ષિણ મહારાષ્ટ્રના છેડેથી હું છેક અમદાવાદ સુધી આવી પહોંચી હતી એટલે મને તો જાણે 'કાળાં પાણી'ની સજા થઈ હોય એમ લાગ્યાં કરતું. આશરે પંદર-વીસ દિવસ માશી અને હું અમદાવાદ રહ્યાં. એ સમય દરમ્યાન હું મારાં સાસુનું માન બધી રીતે સાચવતી અને એ જ ભાવના તથા ખ્યાલથી એમની સામે પણ હું ન જતી કે જોતી ! એ જ્યાં બેઠાં હોય ત્યાં આગળથી હું પસાર પણ ન થતી. જરા બાજુએથી આવજા કરવાનું ધ્યાન રાખતી. શરૂઆતના આ દિવસોમાં પતિ સાથે કોઈ પણ પ્રકારની વાતચીત કરવાનો તો પ્રશ્ન કે પ્રસંગ જ નહોતો !

માશી સાથે હું કોલ્હાપુર મારા પિયેર પાછી ગઈ અને થોડાં અઠવાડિયાં રહીને વળી પાછી એકલી અમદાવાદ આવી -- મારા મોટા ભાઈ 'દાદા' મને સાસરે મૂકી ગયેલા એવું યાદ આવે છે. ૧૯૨૧ની સાલમાં અમદાવાદમાં રાષ્ટ્રીય મહાસભા [કૉંગ્રેસ]નું વાર્ષિક અધિવેશન ભરાયું હતું તેમાં મારાં નણંદ શાન્તાબાઈ અને હું સ્વયંસેવિકા તરીકે જોડાયાં હતાં. સ્વાગત સમિતિના સેક્રેટરી તરીકેની જવાબદારી મારા પતિના શિરે હતી. એમણે જ મને 'વૉલન્ટિયર' બનાવેલી. અમારું કામ મંડપમાં ઊભા રહીને સહુને 'આવો' અને 'બેસો' એટલું જ કહેવાનું હતું. એટલું ગુજરાતી મને ફાવી ગયેલું. અધિવેશન-સ્થળે મહાત્મા ગાંધી તથા બીજા અનેક

રાષ્ટ્રીય નેતાઓને નજીકથી જોવાની તક મળી. શ્રી વલ્લભભાઈ પટેલ સ્વાગત સમિતિના અધ્યક્ષ હતા અને તેઓ તથા મારા પતિ સાથીદારો હતા. એ કારણે આખી જિંદગી સરદારશ્રી તથા એમનાં સુપુત્રી મણિબહેન સાથે અમારો નિકટનો સ્નેહ અને ઘરોબો બંધાયો. 'સ્વયંસેવિકા' હું બની એનો લાભ એ થયો કે ધીરે ધીરે જાહેર જીવનમાં બધાંને ઓળખતી અને હળતીમળતી થઈ. મારા પતિની ઇચ્છા અને હૂંફથી જ આ શક્ય બન્યું.

ગાંધીજીના સાબરમતી આશ્રમમાં સવાર-સાંજ નિયમિત પ્રાર્થના થતી. એમાં ક્યારેક ક્યારેક સાયં-પ્રાર્થનામાં મારા પતિ મને લઈ જતા, ત્યાં ગાંધીજીને પ્રત્યક્ષ મળવાની સોનેરી તક મને મળી. પૂજ્ય કસ્તૂરબાનો પ્રેમ પણ મેં ઠીક ઠીક માણ્યો. કોઈ કોઈ વાર તેઓ મને સરસ મઝાનો ઉકાળો કરીને પીવડાવતાં. આમ, મહાત્માજી અને બાનો સત્સંગ મારા પતિને કારણે મને થયો.

· ૧૯૨૨ની સાલમાં મારા પ્રથમ સંતાન બાળકૃષ્ણનો જન્મ થયો. પહેલો જ દીકરો આવ્યો એટલે સ્વાભાવિક જ મારું માન વધી ગયું. ત્યાર બાદ સને ૧૯૨૪માં વિષ્ણુ, [૧૯૨૬માં જન્મેલ ગોવિંદ છ મહિનાનો થયો અને ગુજરી ગયો], સને ૧૯૨૮માં પુરુષોત્તમ, અને સને ૧૯૩૧માં નરહરિના જન્મ થયા. આમ, માતૃત્વનો વૈભવ પણ મેં ખૂબ માણ્યો.

૧૯૩૩-૩૪નાં વર્ષોમાં રત્નાગિરી [કોંકણ અને મહારાષ્ટ્ર]માં મારા પતિને 'સત્યાગ્રહી' તરીકે સ્થાનબદ્ધ રખાયેલા ત્યારે હું એમની સાથે રહી. ઘરથી અને સાસુથી અલગ રહેવાનો અને દૂર રહેવાનો આ પહેલો પ્રસંગ ! પછી, ૧૯૩૭-૩૯નાં વર્ષોમાં મુંબઈ-પૂનામાં [મારા પતિ મુંબઈ ધારાસભાના અધ્યક્ષ ચૂંટાયા હતા] અને ત્યાર બાદ ૧૯૪૬-૫૬નો દસ વર્ષનો સમયગાળો દિલ્હીમાં અમે બંને સાથે રહ્યાં. પૂનામાં ક્વીન્સ રોડ પરના સરકારી મકાનમાં થોડા મહિના શ્રી મોરારજીભાઈ દેસાઈ તથા શ્રી મંગળદાસભાઈ પકવાસા સાથે અમે રહેલાં. ત્રણેય કુટુંબો એક જ ઘરમાં, અને ગૃહિણી તરીકેની જવાબદારી મારા પર હતી. દિલ્હી ગયા પછી તો આખા દેશના વિધવિધ લોકોને તથા અનેક નાનામોટા આગેવાનો સાથે

હળવા-મળવાનું બન્યું. વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ અને એમનાં સુપુત્રી શ્રીમતી ઈન્દિરા ગાંધી, રાષ્ટ્રપ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદ, ઉપરાષ્ટ્રપ્રમુખ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ , આદિ મહાનુભાવો સાથે અવારનવાર જમવા અને મળવાનું થતું. રાષ્ટ્રની રાજધાનીમાં સંસદના સ્પીકરની પત્ની તરીકેનાં ઠાઠમાઠ પણ મેં ભોગવ્યાં. પરંતુ, પતિના અને કુટુંબના સંસ્કાર એવા કે એ ગૌરવાનુભવ હું વિનમ્રતાથી જીરવી શકી.

વચ્ચે, ૧૯૪૨ની 'ક્વિટ ઈન્ડિયા' ચળવળમાં મારા પતિ સાથે હું પણ થોડો વખત સાબરમતી જેલની મહેમાન બની ! એમની તો '૪૨ની ૯મી ઑગસ્ટના પરોઢિયે જ ધરપકડ થયેલી, હું સપ્ટેમ્બરમાં અમદાવાદ શહેરમાંના મહિલા સરઘસમાં જોડાઈને ત્રણ માસની કેદની સજા સાથે સાબરમતી જેલ પહોંચેલી. જ્યેષ્ઠ પુત્ર બાળકૃષ્ણ પણ એ જ અરસામાં, ગેરકાયદેસર પત્રિકાઓ વહેંચવાના ગુના બદલ, પકડાઈને એ જ જેલમાં આવેલો. મારા પતિ જેલમાં 'એ' ક્લાસમાં, હું મહિલાઓ માટેની અલગ ઓરડીમાં, અને દીકરો 'સી' ક્લાસમાં ! અમારે ત્રણેયને એકસાથે રહેવાનો તો પ્રશ્ન જ નહોતો. પણ ત્રણેય કદી એકસાથે મળવા-બોલવા પણ ભેગાં થયેલાં નહિ. જેલમાં મારા પતિની કાર્યભૂમિકા અવિધિસરના 'સુપ્રિન્ટેન્ડન્ટ'ની હતી, એટલે તેઓ એ રીતે જ્યારે 'રાઉન્ડ'માં નીકળે અને બહેનોના વિભાગમાં આવે ત્યારે અમારા બંનેની થોડીક ક્ષણ મુલાકાત થતી.

અમદાવાદથી મુંબઈ-પૂના અને પછી દિલ્હી રહેવાનું અમને બંનેને થયું. દેશવિદેશમાં ફરવાનું બન્યું ત્યારે જાણે નાના સમુદ્રમાંથી મહાસાગરમાં ગયાં હોઈએ એવો ભાવ અનુભવ્યો. નવી દિલ્હીમાં સ્પીકરના સત્તાવાર નિવાસસ્થાન ૨૦, અકબર રોડમાં લગભગ દસ વર્ષ સાથે રહી ત્યારે ઘરની તેમજ બહારની કામગીરી હું મારા પતિના સાથ અને સહકાર વડે વિશ્વાસ અને શ્રદ્ધાથી પાર પાડી શકી. મારા પતિ મારાં સાસુ જેવા જ શિસ્તપ્રિય અને કડક હતા. સાસુ જોડે મારે કેવી રીતે વર્તવું એની શીખ તેમણે મને લગ્ન થયાં કે તરત આપેલી. "પૂજ્ય 'બાઈ' [ગોપિકાબાઈ]નો બોલેલો શબ્દ હરહંમેશ ઝીલવાનો ! એમની આજ્ઞા આપણને સહુને શિરોમાન્ય ! માતાની મરજી સંભાળીને ચાલવાનું !" એ સલાહ મેં કાયમ યાદ રાખી

અને પૂરેપૂરી પાળી. એટલે, મને ક્યારેય કશી મુશ્કેલી ન નડી. પતિ સાથે પણ સમજીને કેવી રીતે વર્તવું એની કેળવણી આપોઆપ મળી. મારાં સાસુનો પ્રભાવ ઘરમાં ભારે હતો, અને અમારાં સહુ પર એમની ધાક પણ એટલી જ. પરંતુ સાથે સાથે તેઓ પ્રેમાળ અને પરોપકારી સ્વભાવનાં પણ ખરાં જ. પત્ની, પુત્રવધૂ, માતા તરીકેની મારી વૃત્તિ-પ્રવૃત્તિ અને એકંદરે અનુકૂલન શક્તિ એવી સરસ તૈયાર થઈ કે, આજે પણ હું એ કારણે સમાધાની છું. મારા પતિએ જ મને આવી સરસ તાલીમ આપી, અને તેથી હું સાચા અર્થમાં એમની જીવનસાથી બની શકી.

લગ્નનાં શરૂઆતનાં વર્ષોમાં હું અમદાવાદમાં હતી ત્યારે મને વધુ શિક્ષણ મળે એ હેતુથી મારા પતિએ ખાસ 'ટ્યુશન' રાખેલું. જમાલપુરમાં રહેતા એક વૃદ્ધ શિક્ષક મને ભણાવવા આવતા. એમનું નામ આઠવલે માસ્તર. સાદો પોષાક, ચશ્માંધારી, સૌજન્યશીલ એવા આ સાહેબ મને થોડું અંગ્રેજી ભણાવે અને વંચાવે. વાતચીત કરવાની કલા પણ શીખવાડે. ભદ્રમાં અમારી પડોશમાં રહેતાં શ્રીમતી સાળુતાઈ પટવર્ધન પણ મારી સાથે ટ્યુશન લેવા આવતાં. એક વાર મને આઠવલે માસ્તરે કહેલું, "You are cleverer than she" એ વાક્ય મને આજે પણ યાદ આવતાં રમૂજ થાય છે. બાળકોની સંભાળ અને ઘરની વધતી જવાબદારીના કારણે મારું આ ગૃહ-શિક્ષણ લાંબું ચાલ્યું નહિ.

નવી દિલ્હીમાં અમારે ઘેર ગોખલે નામનો રસોઇયો રાખેલો, એ અગાઉ કોઈનાયે ઘેર ઝાઝું ટક્યો નહોતો, પણ અમારે ત્યાં ખાસ્સો નવ-દસ વર્ષ રહ્યો. ઘેર અનેક વાર નાનામોટા નેતાઓ જમવા આવે, ક્યારેક ખાસ ઉદ્યાન-સમારંભ જેવું પણ યોજાય. અમદાવાદથી અને ગુજરાત-મહારાષ્ટ્રમાંથી આપ્તજનો તથા મહેમાનોની આવજા તો ઘણી રહે જ. એ બધાની સરભરા કરવામાં મને આનંદ આવતો. રસોઈમાં હું સારી એવી પ્રવીણ અને મારી વાનગીઓથી મહેમાનો પણ ખુશ થતા. જમતી વખતે ઘણી વાર મહેમાનો-મિત્રો પૂછે કે, 'આ વાનગી કોણે બનાવી છે ?' ત્યારે મારા પતિ જવાબ આપતા કે, 'આત્મારામે' બનાવી છે. 'આત્મારામ'નું બિરુદ મને મારા પતિએ આપ્યું હતું ! હું નાની હતી ત્યારે મારા ભાઈ 'દાદા'એ મને એક વાર ચીમકી આપેલી કે, 'જલેબી ભાવે ખરી, પણ પચાવતાંયે આવડવી જોઈએ.' મારા ભાઈની આ ભાષા સાંકેતિક હતી

તે મને મોટી ઉંમરે સમજાઈ. જીવનમાં સરસ તકો અને સગવડો મળે તે સમતોલપણે માણવાની હોય છે. મને જલેબી બનાવતાં સરસ આવડે અને હું મારા પતિને તથા કુટુંબીઓને અને મહેમાનોને એ પીરસું ત્યારે મને ભાઈની યાદ અચૂક આવતી. મોટા ઘરની વહુ તરીકે મેં માનપાન તથા સમૃદ્ધિ માણ્યાં, પણ સાથે સંયમ અને સમજ પણ કેળવ્યાં.

જો પત્ની અને પુત્રવધૂ તરીકે પતિના ઘરને તમે બરાબર ઓળખી શકો, ઘરવાળાના સ્વભાવને સરસ સમજી શકો, પારકાંના ઘેર બહુ આવ-જા ન કરો, બીજાઓ કહે તે બહુ ન સાંભળો [કારણ કે બહારનાંઓને -- ઘણાંને તો લડાવવામાં જ રસ હોય છે !] તો તમે તમારા પતિને તમારા જીવનસાથી રૂપે અવશ્ય પામી શકશો.

મારા પતિની યાદ મને સતત આવે અને સતાવે એ કુદરતી છે. ઘણી વાર આંખો ભીની થાય છે. 'શિસ્તપ્રિય' અને 'સંસ્કૃતિપ્રિય' કુટુંબની અધિષ્ઠાત્રી થવાનું માન મારા પતિએ મને અપાવ્યું એ મારું પરમ સદ્‌ભાગ્ય! પણ મારી, પાર્વતીજીની જેમ, એ જ પ્રાર્થના છે કે, 'જન્મોજન્મ આ જ પતિ મને મળો ! ' *

⊙ ⊙ ⊙

To know is good;
To live is better;
To be, that is perfect.

-- *The Mother*

---

* "દાદાસાહેબ માવળંકર : લોકસભાના પ્રથમ અધ્યક્ષ" [પ્રકાશક : ગ. વા. માવળંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરો, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર; ફેબ્રુઆરી, ૧૯૯૩] ગ્રંથમાંથી સાભાર. પૃ. ૨૦૧-૨૦૬.- પ્રકાશકના સૌજન્યથી.

પુત્ર પુરુષોત્તમના સૂચન અને આગ્રહથી માતુશ્રી સુશીલાબહેને પોતાનાં આ સંસ્મરણો વાગોળ્યાં એના આધારે પ્રા. ડૉ. ઉષા ભટ્ટે લખાણ તૈયાર કર્યું, અને પછી માતુશ્રીને એ સંભળાવ્યા બાદ, એમના સુધારાવધારા સાથે પુરુષોત્તમે કાળજીપૂર્વક મઠારેલો લેખ.

# યુગપુરુષ ગાંધીજી સાથેનાં સંભારણાં

## સુશીલા ગણેશ માવળંકર

ડિસેમ્બર ૧૯૨૧માં અમદાવાદમાં કૉંગ્રેસનું વાર્ષિક અધિવેશન ભરાયું હતું. એ જ વર્ષના માર્ચ મહિનામાં મારાં લગ્ન પણ થયેલાં. ગુજરાતી ભાષાનો મને કક્કોયે ન આવડે; એટલે બોલવાનો તો પ્રશ્ન જ નહોતો. કૉંગ્રેસના આ વાર્ષિક અધિવેશન માટેની સ્વાગત સમિતિના સેક્રેટરી પદે શ્રી દાદાસાહેબની વરણી થયેલી. અધિવેશનના કામમાં તેઓ રાતદિવસ મરોવાયેલા હતા. એ વખતે શ્રી માવળંકર મને કહ્યા કરે કે, "તું આ પ્રસંગે સ્વયંસેવિકા તરીકે કામ કર !" હું 'ના' 'ના' કહેતી હતી, કારણ કે મને ગુજરાતી ભાષામાં બોલતાં આવડતું નહોતું. છેવટે, મારાં નણંદ શ્રીમતી શાન્તાબાઈ દેવ અને હું એમ બન્ને જણ 'વૉલન્ટિયર' તરીકે તૈયાર થયાં અને મને સહુએ કહ્યું કે, પ્રવેશદ્વાર પાસે ઊભા રહેવાનું અને આવતા-જતા પ્રતિનિધિઓને અને મહેમાનોને 'પધારો' - 'અહીં બેસો' એવા શબ્દો વડે આવકાર આપવાનો; તે પ્રમાણે મેં શબ્દો મોઢે કર્યા અને કામચલાઉ સ્વયંસેવિકા બની. એ વખતે ઘણું બધું શીખવાનું મળ્યું. મહાત્મા ગાંધીનાં દર્શન રોજ થતાં. મોટા મોટા લોકોને જોવા કરવાનું મળતું. એ રીતે મારામાં થોડી હિંમત આવી. ત્યાર પછી અનેક વાર સાબરમતી આશ્રમમાં પ્રાર્થના માટે પૂજ્ય દાદાસાહેબ સાથે જતી. ક્યારેક ક્યારેક સવારે પણ આશ્રમમાં હું ગઈ હતી. હાલ જ્યાં પ્રાર્થનાનું સ્થળ છે એ જગ્યાએ મહાત્માજી બેસતા અને ચરખો કાંતતા. સૌ. કસ્તુરબા પણ સવારની પ્રાર્થના અને એમનું નિત્ય કાર્ય કરતાં હતાં. એ વખતે ગાંધીજીએ મને પૂછ્યું : "ખાદી પહેરો છો કે ?" મેં ના પાડી. એટલે એ તરત બોલ્યા : "ખાદી પહેરો", ત્યાર પછી, આશ્રમમાં ફરી જાઉં તો ગાંધીજી ફરીથી પૂછશે એવી બીક લાગતી, એટલે મેં એક ખાદીની સાડી ખરીદી. એ વખતની ખાદી એટલે જાડી ગોદડા જેવી ! ત્યારની અને આજની ખાદી વચ્ચે જમીન-આસમાનનું અંતર ! ખાદીની સાડી પહેરીને હું આશ્રમ ગઈ ત્યારે મહાત્માજી ખુશ થયેલા જણાયા. અમારા ઘરે શ્રી માવળંકર ૧૯૨૦ની

સાલથી ખાદીનાં કપડાં પહેરતા હતા. મારા પ્રથમ પુત્ર બાળકૃષ્ણના 'બારસા'ના દિવસે [બાળકના જન્મ પછીના ૧૨મા દિવસે] એનાં તમામ કપડાં ખાદીનાં કરાવ્યાં હતાં. ત્યાર પછી, મારા બધા પુત્રોએ ખાદી પહેરવાનું શરૂ કરેલું. ઘરમાં પણ ચૉરસા, ચાદરો, રૂમાલ વગેરે બધું જ ખાદીનું હતું.

ઘણાં વર્ષો પછી, ૧૯૪૬ની સાલમાં, અમે [મારા પતિ દાદાસાહેબ અને હું] વર્ધા ગયાં. વર્ધાની મારી એ પહેલી જ મુલાકાત હતી. મહાત્માજીનો આશ્રમ વર્ધા પાસે સેવાગ્રામમાં હતો તે જોયો. સવાર-સાંજ રોજ પ્રાર્થના થતી એમાં અમે બન્ને જતાં હતાં, એ વખતે શ્રી દેવદાસ ગાંધી [મહાત્માજીના સૌથી નાના પુત્ર] એમનાં પત્ની શ્રીમતી લક્ષ્મીબહેન અને એમનો નાનો દીકરો ગોપૂ પણ ત્યાં હતાં. મહાત્માજીને બાળકો પર ખૂબ વહાલ ! બાપૂ પોતાની લાકડી લઈને ગોપૂને એ આપતા, અને પછી એની સાથે તેઓ રમતા, તેમ વહાલપૂર્વક એના ગાલે ચીમટી પણ ભરતા. એ મધુર દશ્ય તે વખતે સહુ જોનારાઓને ખૂબ આનંદ આપતું. મહાત્માજી બહાર આંગણામાં ખુલ્લામાં સૂતા હોય, અને પ્રાર્થનાનો સમય થાય કે રોજ સમગ્ર આશ્રમ-પ્રાંગણમાં ફરીને બધાંની પૂછપરછ કરી આવતા. ત્યાર પછી તેઓ પોતાના શરીરને માલિસ કરાવતા. એમના ભોજનમાં બકરીનું દૂધ, પપૈયું, બાફેલાં શાકભાજી, વગેરે હોય. આશ્રમમાંના લોકો માટેનું ભોજન પણ સાત્ત્વિક હતું. બાફેલાં શાકભાજી, લીંબુંનું અથાણું, ભાત, દાળ, ફૂલકા રોટલી અને દૂધ ! કોઈ કોઈ વાર અમે વિનોબાજીને પણ મળવા જતાં હતાં. એ વખતે શ્રીમતી જાનકીદેવી બજાજ ત્યાંની બધી વ્યવસ્થા વગેરે જોતાં કરતાં. એમના પતિ જમનાલાલજી બજાજ, અને જાનકીદેવી જાતે પણ, બધી દેખરેખ રાખતાં, એ સમયમાં ત્યાં ગાયનું દૂધ, ઘી, માખણ ભરપૂર પ્રમાણમાં હોય; જાણે 'ગોપુર' જ સમજો ! ગાયોનું આખું નગર ! વર્ધાની મુલાકાતે અમે બે-ત્રણ વાર ગયેલાં. થોડાં વર્ષ પછી ફરીથી અમે વર્ધા ગયાં, કસ્તુરબા રાષ્ટ્રીય સ્મારક નિધિની બેઠક વર્ધામાં યોજાઈ હતી. નિધિના ઉપપ્રમુખ તરીકે દાદાસાહેબ હતા, એમની સાથે હું ગઈ હતી. એક દિવસ પસાર થયો. બીજા દિવસે સવારે સાડા આઠના અરસામાં, અમે જે કુટીરમાં રહેતાં હતાં ત્યાં મહાત્માજી આવી

ચડ્યા ! આશ્રમમાંના સહુ લોકોના ખબર-અંતર મેળવવા. કોઈ સાજું-માંદું હોય તેની પૂછપરછ કરવા, બીમારોને દવા તેમ દૂધ, ફળફળાદિ કોને શું જોઈએ તેની તપાસ કરવા ગાંધીજી એમના રોજના 'રાઉન્ડ'માં ફરતા ફરતા અમને મળવા આવેલા. મને જોતાં જ મહાત્માજીએ પૂછ્યું : "ઊંઘ બરાબર આવી ? અહીં મચ્છર બહુ છે; તમને બન્નેને મચ્છરદાની મળી હતી ને ?" આટલું બોલીને એ મહાપુરુષની નજર અમારા પલંગ પર પડી, અને મચ્છરદાની ન જોતાં તરત મંગાવી લીધી અને પલંગ સાથે એ કેવી રીતે બાંધવાની તે બતાવીને બંધાવી આપી. પછી તેઓ બોલ્યા : "મચ્છરદાની વિના ઊંઘતાં નહીં !" અમને દૂધ અને ફળફળાદિ મળ્યાં કે કેમ એ પણ પૂછ્યું. શ્રી માવળંકરને મધુમેહ ['ડાયાબિટિસ'] હોવાથી એમના માટે પૂરતા પ્રમાણમાં દૂધની વ્યવસ્થા કરવાની સૂચના પણ ગાંધીજીએ આપી રાખેલી ! પછી મને પૂછે કે, "તમને ચા મળી ને ?" મેં કહ્યું કે, "બધું બરાબર વ્યવસ્થિત અને સરસ મળતું રહે છે." તરત એમણે ફરી સવાલ કર્યો : "કેમ, અહીં ગમે છે ને ?" મેં હા પાડી. આ રીતે, ગાંધીજીએ ખૂબ આત્મીયતાથી અને આસ્થાપૂર્વક અમારી બધી પૂછપરછ કરી. ત્યાર બાદ, સવારે અને બપોરે કસ્તુરબા ફંડની બેઠકો ચાલતી ત્યારે હું ઘેર કુટીરમાં એકલી પડું એથી દાદાસાહેબ મને એમની સાથે બેઠકના સ્થળે લઈ જતા. હું જાઉં ત્યારે મને સંકોચ થાય, ક્યાં બેસવું, બેસવું કે નહીં એ અંગે મનમાં ગડમથલ ચાલે ! મારી મૂંઝવણ મહાત્માજીના ખ્યાલમાં તરત આવી -- મને કહ્યું : "આવો, આવો; અહીં બેસો; આ તમારું જ કામ ચાલે છે, કસ્તુરબા ફંડની પ્રવૃત્તિઓ મુખ્યત્વે મહિલાઓ અને નાનાં બાળકો માટે જ છે." ગાંધીજીની આવી પ્રેમાળ હૂંફને લીધે મારો સંકોચ ચાલ્યો ગયો, અને હું કસ્તુરબા નિધિની બેઠકોમાં બેસતી થઈ. મને ખૂબ સારું લાગતું. બેઠકમાં બધાં જે કાંઈ બોલે, ચર્ચા-વિચારણા કરે, વાદવિવાદ કરે એ બધું હું રસપૂર્વક સાંભળતી અને જોતી. બેઠકની સમગ્ર કાર્યવાહી સરસ ચાલતી, સહુ ખુલ્લા દિલે બોલતા કરતા, નિખાલસતાથી વાતચીત અને દલીલો કરતા ! કોઈ કોઈ વાર હું રસોડામાં જઈને ગાંધીજી માટે ફૂલકા રોટલી બનાવતા એ જોઈને એક બે દિવસ મેં પણ એવા ફૂલકા બનાવ્યા. એનાથી મારું મન ખુશ થયું ! આશ્રમમાંનું ભોજન સાદું પણ સ્વાદિષ્ટ રહેતું. વઘાર વગેરે કંઈ નહીં, મરચાં-મસાલા પણ નહીં ! બેઠક

વખતે હાજર હોય તે સહુને ચા અપાતી એ જોઈને મને આશ્ચર્ય થયું ! ગાંધીજી પોતે ચા પીતા નહોતા, એમના માટે દૂધ અને પપૈયાં આવતાં. પણ બધાની સગવડ તેઓ જોતા હતા. મહાત્માજી ખૂબ જ દયાળુ હતા; એટલા જ પાછા બરાબર પદ્ધતિસર બધું કરનારા !

આશ્રમમાં સવાર-સાંજ બે વાર પ્રાર્થના થતી. ત્યાર બાદ કોઈને કશી સૂચના વગેરે આપવાની હોય તો એ ગાંધીજી અચૂક આપતા. આમ, થોડા દિવસ ગાંધીજીના સહવાસમાં રહીને અમે પાછા અમદાવાદ ઘેર આવવા નીકળ્યાં, એની આગલી સાંજે ગાંધીજીને મળવા ગયાં ત્યારે મહાત્માજીએ મને પૂછ્યું : "અહીં તમને કેવું લાગ્યું ?" મેં કહ્યું : "સરસ લાગ્યું !" એટલે તરત જ ગાંધીજીએ [પોતાની આંગળી ડૂંટી પર મૂકીને] કહ્યું : "અહીંથી બોલો છો, કે પછી [મોઢા પર આંગળી મૂકીને] અહીંથી ?" મેં જવાબ આપ્યો કે, "મને ખરેખર અહીં ખૂબ ગમ્યું." એટલે, મહાત્માજીએ ઝટ ઉમેર્યું : "ફરી અહીં આશ્રમમાં રહેવા આવો તો જ હું તમારી વાત માનીશ !" સારા નસીબે, બીજે દિવસે, વિદાય લેવાની વેળાએ, દાદાસાહેબની વર્ષગાંઠ હતી એટલે મારા પતિએ પૂજ્ય બાપુજીને પ્રણામ કર્યા. એ દિવસ સોમવારનો હતો એટલે ગાંધીજીના સાપ્તાહિક મૌનનો દિવસ હતો તેથી એમણે એક નાના કાગળ પર દાદાસાહેબ માટે લખ્યું : "સેવાર્થે ૧૨૫ વર્ષ જીવવાની ઇચ્છા કરજો ને સેવા વધાર્યા જ કરજો. એવી ઇચ્છામાં હું એકલો જ રહું તો જેમ એકલું ઝાડ સુકાઈ જાય તેમ મારા હાલ થવાના છે." કાગળની આ કટકી દાદાસાહેબના હાથમાં આપતાં ગાંધીજીએ મંદ હાસ્ય વેર્યું, અને પોતાની પાસે પડેલાં ફળોમાંથી એક ફળ દાદાસાહેબના હાથમાં મૂકીને આશીર્વાદ આપ્યા. આ પ્રકારે ગાંધીજીનો વિનોદ વગેરે ચાલ્યો, અને અમે ખુશખુશાલ બનીને એમની વિદાય લીધી.

પછીથી, દાદાસાહેબ દિલ્હીમાં સ્પીકર થયા ત્યારે પણ અનેક વાર ગાંધીજીને મળવાના પ્રસંગો આવતા રહ્યા. એ વખતે ગાંધીજી 'બિરલા હાઉસ'માં રહેતા હતા ત્યાં સાયં પ્રાર્થનામાં પણ અમે અવારનવાર જતાં. એ સમયમાં ગાંધીજી જે કાંઈ કરતા, બોલતા એ બધું પણ મને યાદ આવે

છે. એવા જ એક પ્રસંગે ગાંધીજી સહુને કહેતા હતા કે, રાજકાજ ચલાવવું એ દિનપ્રતિદિન વધુ ને વધુ કઠણ બનતું જાય છે, જાણે કાંટાની વાડમાંથી રસ્તો કાપવાનો છે; સ્વરાજ્ય તો મળ્યું, પણ એ ચલાવવું વધારે કઠણ કાર્ય છે. તેથી જ, રોજ સાંજની પ્રાર્થના વખતે "સબકો સન્મતિ દે ભગવાન" એવી પ્રાર્થનાનું રટણ ચાલતું -- જાણે ગાંધી પોતે જ આવી પ્રાર્થના દેશબાંધવો માટે કરતા ન હોય ! એક દિવસે, આ રીતે, 'બિરલા હાઉસ'માંની સાયં પ્રાર્થના માટે અમે ગયાં ત્યારે ગાંધીજીએ કહ્યું : "માવળંકર, મારે તમારું કામ છે." દાદાસાહેબે પૂછ્યું : "આવતી કાલે ક્યારે આવું ?" ગાંધીજીએ જવાબમાં કહ્યું : "પ્રાર્થના પહેલાં આવો." એ પ્રમાણે અમે બીજા દિવસે વહેલાં ગયાં ત્યારે ગાંધીજી બોલ્યા : "આજે વખત નથી; તમે આવતી કાલે આવો." એટલે, પ્રાર્થના બાદ અમે ઘેર ગયાં. બીજે દિવસે, પ્રાર્થના સમય પહેલાં અમે ઘેરથી નીકળ્યાં ત્યાં રસ્તામાં જ ચારે બાજુ તંગ વાતાવરણ, પોલીસનાં ધાડાં જોયાં એટલે મેં દાદાસાહેબને કેહ્યું કે, આજે આટલી બધી પોલીસ છે એટલે કશીક ગરબડ થઈ લાગે છે. હું આટલું બોલી અને અમારી મોટર જરા આગળ વધી ત્યાં જ શ્રીમતી બેવૂરનો અચાનક ભેટો થયો અને એ બોલ્યાં કે, "કોઈકે ગાંધીજીને ગોળી મારીને એમની હત્યા કરી છે !" સાંભળતાં વેંત અમે હેબતાઈ ગયાં ! ભારે હૈયે અમે આગળ વધ્યાં અને માંડ માંડ 'બિરલા હાઉસ' પહોંચ્યાં ત્યાં અંદર ગયાં, તો ગાંધીજીને ચિરનિંદ્રામાં પોઢેલા જોયા ! ત્યાં ગીતાપાઠ ચાલતો હતો, અમે પણ એમાં જોડાયાં. ઘડીભર મને થયું, ગાંધીજી જાણે ગાઢ ઊંઘમાં આરામ કરી રહ્યા છે ! એવી તો કલ્પના જ ક્યાંથી હોય કે એ નિંદ્રા કાયમની હશે ! ગીતાના શ્લોકોનો પાઠ સારો એવો વખત ચાલ્યો, પણ ત્યાં સુધીમાં તો બહાર ચારે બાજુ ચિક્કાર ભીડ જામી ગયેલી. ભારતનો જનસાગર એના રાષ્ટ્રપિતાનાં અંતિમ દર્શન કરવાને અધીરો થયેલો ! આખી રાત લોકો આવતાં જ રહ્યાં ! પંડિત જવાહરલાલજી અને સરદારશ્રી વલ્લભભાઈ તથા અન્ય આગેવાનો ગાંધીજીનાં અંતિમ દર્શન બધાં લોકોને થાય તે ખાતર જાતે વ્યવસ્થા કરતા હતા. 'બિરલા હાઉસ'ના ઉપલા માળ પરની રસ્તા પરની બારી પાસે ગાંધીજીનો પાર્થિવ દેહ દર્શનાર્થે

મુકાયો હતો. જનતા જનાર્દનની ઠઠ અને હઠ વધતી જ ચાલી હતી. દરેક જણને પોતાના 'પ્યારા બાપુ'ને જોવા હતા. 'બિરલા હાઉસ'નાં બારીબારણાં પર લોકો ઠોકાઠોક કરી રહેલા. એ વખતે અમે સહુ 'બિરલા હાઉસ'માં જ હતા. અને બહારની ઊછળતી જનમેદનીની અધીરાઈનાં સાક્ષી બન્યાં હતાં. મધરાત બાદ અમે ઘેર પાછાં ફર્યાં. બીજા દિવસે નીકળનારી અંત્યયાત્રાની તૈયારીમાં રાષ્ટ્રના ધુરંધરો લાગ્યા હતા. અંતિમ યાત્રા કયા માર્ગો પરથી પસાર થાય એ નક્કી કરતા હતા. બીજા દિવસે મોડેથી જ્યારે સ્મશાનયાત્રા શરૂ થઈ ત્યારે સમગ્ર વાતાવરણમાં ગમગીની અને ગંભીરતા પ્રસરી ગઈ હતી. રાષ્ટ્રીય ત્રિરંગી ધ્વજ વડે ગાંધીજીનો પવિત્ર દેહ વીંટળાયેલો હતો. દૂર દૂર ઊભા રહેલા સહુ શોકાતુર ભાઈ-બહેનોને પણ મહાત્માજીનાં છેલ્લાં દર્શન બરાબર સારી રીતે કરવા મળે એ રીતે એમનો દેહ ઊંચે મુકાયો હતો. અંત્યયાત્રા મોડી સવારથી સાંજના છેક સૂર્યાસ્ત સુધી ચાલી, અને પછી રાજઘાટ પર ગાંધીજીના દિવ્ય દેહને અગ્નિસંસ્કાર કરાયા. જે પળે સૂર્યનો અસ્ત થઈ રહ્યો હતો એ જ ક્ષણે આ મહાન આત્માની જ્યોત દૈવી જ્યોતમાં વિલીન થઈ ! સહુ કોઈ અપાર દુઃખના ભાર તળે શોકમગ્ન બની ગયેલાં ! લાખો લોકોએ મહાત્માજીને ભારે હૈયે અને ભીની આંખે આખરી વંદના કરી ! પછી, સહુ પોતપોતાના ઘર તરફ પાછા વળ્યા. ત્રીજા દિવસે, જે સ્થળે હમણાં રાજઘાટ પરની સમાધિ છે એ જગ્યા પર, સહુ આગેવાનો ભેગા મળ્યા હતા. અસ્થિ-ફૂલની પૂજા વગેરે કરીને સહુએ પ્રાર્થના કરી. આ બધા સમયે અમે પણ એ પવિત્ર સ્થળે હાજર રહીને બધી વિધિમાં સામેલ થયાં હતાં. ત્યાર પછી ઘેર આવીને સર્વત્ર શૂન્યાવકાશ અનુભવ્યો ! યુગો યુગોમાં ક્યારેક જ જન્મે એવા આ મહાપુરુષનો નિકટનો સહવાસ અમને લાધ્યો એ અમારું કેવું મહદ્ સદ્ભાગ્ય ! અમારી જાતને અમે કૃતકૃત્ય ગણીને પરમાત્માનો પાડ માન્યો ! ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ।*

⊙ ⊙ ⊙

* મૂળ મરાઠી લેખનો, પુત્ર પુરુષોત્તમે કરેલો, ગુજરાતી ભાવાનુવાદ.

# અમારા ડાહ્યાભાઈ

## સુશીલા ગણેશ માવળંકર

['ડાહ્યાકાકા'ના હુલામણા નામથી જેમને અમે વર્ષોથી બોલાવતા હતા તે અમારા સ્વજન શ્રી. ડાહ્યાભાઈ ગણેશભાઈ પટેલ સાવ ઓચિંતા અમને સહુને છોડીને ચાલ્યા ગયા ! સોમવાર, તા. ૨૩ ડિસેમ્બર ૧૯૬૮ ને રોજ ડાહ્યાકાકાએ ચિરવિદાય લીધી. મોટે ઘેર ['સેવા કુટીરમાં - જ્યાં પૂજ્ય દાદાસાહેબ રહેતા હતા] તેઓ એમના હંમેશના નાનકડા બાંકડા પર જરાક આરામ કરતા પડ્યા હતા ત્યાં જ, કોઈને કશી ખબર પડે તે પહેલાં જ, ડાહ્યાભાઈની જીવનજ્યોત બુઝાઈ ગઈ ! પોતે રીબાયા નહિ તેમ ઘરનાં કોઈની કશી સારવાર લેવાનું પણ એમણે મુનાસિબ માન્યું નહિ હોય ! પૂરી શાંતિથી અને સહજ ભાવે, તથા સુદીર્ઘ સમયના સેવક-પદને જાણે શોભાવતા, તેઓએ આંખો કાયમ માટે મીંચી દીધી !

આ આઘાતજનક બનાવ વખતે સૌ.પૂર્ણિમા અને હું દેવગઢબારિયામાં હતાં. ત્યાંની એસ. આર. હાઈસ્કૂલના મહોત્સવ નિમિત્તે અમે ગયેલાં. અમારી સાથે મોટર-ડ્રાઈવર તરીકે ભાઈ ભીખુ આવેલ. ભીખુ ડાહ્યાકાકાનો મોટો પુત્ર. બારિયામાં ૨૩મીએ રાત્રે અમને તાકીદનો ટેલિફોન-સંદેશો મળતાં અમે રાતોરાત ઘર તરફ પાછાં ફર્યાં, અને 'સેવા કુટીર'માં જ્યાં ઝીણી દીવા-બત્તી રોજ હોય અને ડાહ્યાકાકાનો જાગૃત ખોંખારો સંભળાતો હોય તેને બદલે બધું અંધારું જોતાં જ અમે મૂઢ બની ગયા. ડાહ્યાકાકાનાં અંતિમ દર્શન લેતાં સ્વાભાવિક જ અમારાં હૈયાં રડી ઊઠ્યાં અને આંખો ભીની થઈ. બીજે દિવસે -- ૨૪મીએ -- સવારે અમે ચારેય ભાઈઓએ તથા અન્ય કુટુંબીજનોએ અને ડાહ્યાકાકાના પુત્રો તથા પરિવારે આ મહાન અને સન્નિષ્ઠ સેવક-સ્વજનના પાર્થિવ દેહને દૂધેશ્વરની સ્મશાનભૂમિમાં અગ્નિસંસ્કાર આપ્યા.

ડાહ્યાભાઈ વિષે શું અને કેવી રીતે લખવું એ સમજાતું નથી ! મારા જન્મના લગભગ ૨૦ વર્ષ પહેલાં ડાહ્યાભાઈ એક જુવાન છોકરા તરીકે ભદ્રમાં અમારે ઘેર નોકરી માટે જોડાયા. શરૂમાં થોડો વખત તેઓ રોજ કામ ઉપર આવતા — અમારા મકાનમાં બાંધકામ-દુરસ્તીનું કામ ચાલતું હશે તેમાં છૂટક પોરિયા તરીકે તેઓ આવતા

થયા, અને થોડા જ વખતમાં પૂરા સમય માટેના ઘરકામના નોકર તરીકે તેઓ અમારા કુટુંબ સાથે જોડાયા તે છેક એમના અવસાન સુધી, અમારા કુટુંબ સાથે જ ગાઢ સંબંધ ધરાવતા ચાલુ રહ્યા ! આટલી લાંબી અને અખંડ સેવા કરનારા, અને ખાસ તો તે મેળવનારા, કેટલા ભાગ્યવાન ! જાન્યુઆરી-ફેબ્રુઆરી ૧૯૬૬માં ડાહ્યાકાકા સાથે મેં ખાસ ત્રણ-ચાર વિધિસર બેઠકોમાં એમનાં પોતાનાં સંસ્મરણો, દાદાસાહેબ તથા અન્ય વડીલજનો સાથેના પ્રસંગો વગેરેનું ટાંચણ કરેલું. કોક વાર એ ઉપયોગમાં આવશે એવા ખ્યાલથી એ નોંધ મેં કરેલી. કદાચ 'અભ્યાસ'ના એકાદ આગામી અંકમાં એ નોંધ ઉપરથી તૈયાર કરેલો લેખ પ્રગટ કરી શકાય.

૨૭મી ડિસેમ્બરે ડાહ્યાકાકા એમની હંમેશની ટેવ મુજબ વહેલી પરોઢે ઊઠીને મોટે ઘેર અને 'પ્રગતિ'નાં આંગણ સાફ કરતા હતા. વહેલી સવારે અમે બારિયા જવા ઊપડ્યા તે પહેલાં મેં ડાહ્યાકાકા સાથે વાતો કરી અને મજાકમાં એમ પણ ઉમેર્યું કે, 'આટલી વહેલી સવારે ઊઠીને જાતે કચરો કાઢવાનો શ્રમ તમે કેમ ઉઠાવો છો ? તમે આરામ કરો ને !' તરત જ ડાહ્યાકાકાએ જવાબ આપ્યો, 'મને આમાં કોઈ મહેનત પડતી નથી અને, હાથપગ તો જેટલા હાલતા-ચાલતા રહે તેટલું શરીર સારું રહે અને મન આનંદમાં રહે !' છેક સુધી ડાહ્યાભાઈ આ રીતે કામ કરતા રહ્યા. નવરા પડ્યા હોય ત્યારે બેઠા બેઠા મંદ અવાજમાં પ્રભુસ્મરણ અને રામનામ કરતા રહે. એ દિવસે મોડેથી સવારે એમણે કાંઈક શારીરિક અસ્વસ્થતા અનુભવી. મારા મોટા ભાઈ ડૉ. વિષ્ણુએ તરત તપાસ અને સારવાર કરી. બપોરની ચાહ બાદ ડાહ્યાકાકા ટેલિફોન પાસેના એમના બાંકડા પર આડા પડ્યા હતા, હાથમાં જોડેની બંધ રૂમના તાળાની ચાવી હતી. અડધી આંખ બંધ છતાં જાગ્રત રખેવાળ તરીકે તેઓ ત્યાં સૂતા હતા, ત્યાં જ સંધ્યાકાળે ઘરનાં લોકોએ પાછાં આવતાં નજર નાખી તો ડાહ્યાભાઈના હાથમાંની ચાવીઓ સરકી પડી હતી, પગનાં આંગળાં વળી ગયાં હતાં અને આંખો મીંચાઈ ગઈ હતી ! ડાહ્યાકાકા માટે આથી વધુ સરસ મૃત્યુ શું હોઈ શકે ? પણ અમે સહુ ખૂબ જ વિહ્વળ બન્યા અને અમારા શોકની લાગણી વધુ ઉત્કટ બની રહી. ખેર; જન્મનાર દરેક વ્યક્તિની ચિરવિદાય એ એક જ નિશ્ચિત ઘટના આ સંસારમાં છે.

ડાહ્યાકાકા લગભગ સાઠ વર્ષ સુધી માવળંકર કુટુંબમાં રહ્યા. એમનું કુટુંબ

પણ અમારી સાથે જ રહ્યું અને ઊછર્યું. ડાહ્યાભાઈએ કદી કામચોરી ન કરી, સતત ખડે પગે પોતાનાથી જે કાંઈ થઈ શક્યું તે કામ કરતા રહ્યા. વફાદારી અને નિષ્ઠાનો અદ્‌ભુત દાખલો તેઓ મૂકતા ગયા ! અમને સહુને એમણે ખૂબ હેત અને વાત્સલ્ય આપ્યાં અને પૂરી અદબથી અમારી સેવા-ચાકરી કરી. ડાહ્યાકાકા સાથેના અનેક પ્રસંગો મનમાં ઉભરાય છે, પણ તે અહીં હમણાં વ્યક્ત નહિ કરું. મારાં પૂજ્ય માતુશ્રીએ જે કોઈ પ્રસંગો ને સંસ્મરણો મરાઠીમાં સહજ ભાવે તરત ટપકાવ્યા તેમનો ભાવાનુવાદ નીચે આપીને ડાહ્યાકાકાને અમારા સહુની અત્યંત પ્રેમાદર ભરી અંજલિ આપીને કૃતાર્થ થાઉં છું.

-- પુરુષોત્તમ ગણેશ માવળંકર]

ત્રણ-ચાર વર્ષ પહેલાં ડાહ્યાભાઈ અચાનક પથારીમાં પગ ભરાઈ જતાં પડી ગયા અને તેમના પગને ફ્રેક્ચર થયું. સદ્‌ભાગ્યે, મારો એક પુત્ર [વિષ્ણુ ઊર્ફે બાપુસાહેબ] ડૉકટર હોવાથી, ઘરના જ ડૉકટરને કારણે ડાહ્યાભાઈની જરૂરી સારવાર તરત થઈ શકી. એ વખતે ડાહ્યાભાઈ ભદ્રમાં માવળંકર નર્સિંગ હોમમાં થોડાં અઠવાડિયાં રહેલો, અને પછી ચારછ મહિના બાદ એની તબિયત પૂર્વવત્ સારી થઈ ત્યાર પછી જો કે ડાહ્યાભાઈ ઘરમાં અગાઉની જેમ ઝાઝું કે ઝડપથી હરી-ફરી શકે એવી સ્થિતિ રહી નહિ. દરવાજા પાસે ખુરસી પર બેસીને તે ઘરની સંભાળ રાખતો. સોમવાર, તા. ૨૩ ડિસેમ્બર ૧૯૬૮ને રોજ તે રોજની જેમ વહેલો ઊઠ્યો. ચાહ-પાણી કર્યાં અને કચરો, વગેરે કાઢ્યો. પણ તે દિવસે એને જમવાનું મન ન થયું. છાતીમાં થોડો દુઃખાવો શરૂ થયો, એટલે એ પથારીમાં સૂતો. ગરમ પાણીની કોથળી શેક કરવા સારુ એને આપી. એ શાંતિથી પડી રહ્યો હતો. બપોરે અઢી-ત્રણના અરસામાં હું ભદ્રમાં જવા નીકળી તે વખતે મેં એને પૂછ્યું, 'ડાહ્યા, કેમ લાગે છે ?' એ બોલ્યો કે, 'મારી છાતીમાં દુઃખે છે.' ત્યારે, કોણ જાણે કેમ, પણ મને જરા આંચકો લાગ્યો, અને મને થયું કે આ હૃદયરોગનો હળવો હુમલો તો નહિ હોય ને ? મેં ચિ. ડૉ. બાપુસાહેબને એની તબિયત બરાબર તપાસવા અને જરૂરી ઉપચાર કરવા કહ્યું અને પછી હું ભદ્રમાં ગઈ. ડાહ્યાભાઈ આખો વખત સૂઈ જ

રહ્યો હતો. ચાર-સાડાચાર વાગે એને દવા આપી અને પછી ચાહ પીવા આપી. એ પીધા પછી એને ઊલટી થઈ અને પછી તે પડી જ રહ્યો. સાંજે સાડા પાંચ વાગે એ જરા બેઠો થયો અને એની રોજની ખુરશી પર આવીને બેઠો. થોડી વારમાં મારી પુત્રવધૂ [સૌ. શકુન્તલા]એ એની ફરી પૂછપરછ કરી, પાણી અને દવા આપ્યાં અને ચાવીઓ એના હાથમાં મૂકીને કહ્યું કે હું જરા બહાર, ઘરના જ બગીચામાં, આંટો મારીને આવું છું. એ પાછી આવી એટલામાં તો ડાહ્યાભાઈ ખુરશી ઉપરથી ઊઠીને એના હંમેશના બાંકડા પરની ગાદીમાં સૂવા ગયો હતો અને ત્યાં જ એ ઢળી પડ્યો ! સાંજે પોણા છના અરસામાં તદ્દન શાંતપણે, કોઈને કશી જાણ કે હેરાનગતિ કર્યા વિના જાણે ચૂપચાપ, અમારો ડાહ્યાભાઈ ચિરનિદ્રામાં પોઢી ગયો !

આઘાતની લાગણી સાથે હૈયું વિહ્વળ બન્યું ત્યાં જ મારી નજર સમક્ષ ગત દસકાઓ ખડા થયા. મારાં લગ્ન થયાં તે પહેલાંથી ડાહ્યાભાઈ માવળંકર કુટુંબમાં નોકરીમાં હતો. ૧૯૨૧ની સાલમાં મારાં લગ્ન થતાં હું અમદાવાદમાં માવળંકર કુટુંબમાં આવી. ભદ્રના અમારા મકાનમાં ઓસરી પર ઓરડીઓ, વગેરે ઉમેરાઈ ત્યારે બાંધકામ વખતે કડિયા-કામ કરવા સારુ ડાહ્યાભાઈ અમારે ત્યાં મજૂર તરીકે આવવા લાગ્યો. એ વખતે મારાં સાસુ [માતુશ્રી પૂજ્ય ગોપિકાબાઈ]ના પિતાશ્રી ભદ્રના ઘરમાં રહેતા હતા. એમનું નામ ભાઉસાહેબ ખાંડેકર હતું. એમણે તથા પૂજ્ય બાઈએ આ છોકરાનું નિયમિત કામ જોઈને એને એક દિવસ પૂછ્યું કે, 'દીકરા, તારે ઘેર કોણ કોણ છ ?' ડાહ્યાએ જવાબમાં કહ્યું કે, 'મારું કોઈ નથી. મારાં મા-બાપ બંને ચેપી રોગચાળાના વાવડમાં ભરખાઈ ગયાં ! હું જ એકલો બચી ગયો. અહીં કામ કરવા આવનાર મોટા મજૂરોએ મને એમની સાથે આણ્યો, તેથી મને થોડીક મજૂરીના પૈસા મળે છે.' આ સાંભળતાં જ વડીલ ભાઉસાહેબે અને એમણે [મારા પતિએ] એને પૂછ્યું, 'તું અહીં ઘરકામ માટે રહીશ કે ?' તરત એણે હા પાડી, અને તે વખતથી -- એટલે કે ૧૯૧૦ની સાલની આસપાસથી ડાહ્યાભાઈ અમારે ઘેર નોકરીમાં રહ્યો. તે વખતે ઘરમાં કરવાનાં કામોમાં ફાનસ સાફ કરવાનાં, એમાં તેલ પૂરવાનું, ફર્નિચર લૂછવાનું, ઉપરાંત આમનાં [મારા પતિનાં] કપડાં

ધોવાનાં, એમની ઑફિસ સાફ કરવાની એ પ્રમાણેનું કામ ડાહ્યાભાઈ કરતો હતો. વખત જતાં, એ બજારમાં જઈને શાકભાજી વગેરે પણ રોજ લાવતો. પછી ચિ. કમળા [દાદાસાહેબની પુત્રી]ને બાબાગાડીમાં ફેરવવાનું પણ એ કરતો. ચિ. કમળા માટે શરૂમાં સંભાળ રાખવા માટે એક બાઈ રાખી હતી પણ છોકરીની ઉંમર દોઢ-બે વર્ષની થઈ ત્યારે એ બાઈ નીકળી જતાં ડાહ્યાભાઈ જ પછી બાળકની સંભાળ રાખતો. ૧૯૨૨ની સાલમાં મારા પ્રથમ પુત્ર ચિ. બાળના જન્મ બાદ એની પણ સંભાળ ડાહ્યાભાઈએ જ રાખવા માંડી. કમળા અને બાળ જરા મોટાં થયાં ત્યાર પછી અનુક્રમે ૧૯૨૪, ૧૯૨૮ અને ૧૯૩૧માં જન્મેલા ચિ. બાપુ, ચિ. અણ્ણા અને ચિ.નાનાની સંભાળ પણ ડાહ્યાભાઈ આ જ રીતે રાખતો. આમ મારાં બધાં સંતાનોને ડાહ્યાભાઈની હૂંફ અને કાળજી મળી.

મેં ઉપર જણાવ્યું તેમ, ફાનસનું કામ તથા અન્ય ઘરકામ અને પથારીઓ કરવી વગેરે ઉપરાંત ડાહ્યાભાઈ જ્યારે રોજ બજારમાં શાક વગેરે ખરીદવા જાય ત્યારે પડોશના કોઈ એને કહે કે, ‘ડાહ્યાભાઈ, મારા માટે સોપારી લેતા આવશો ?’ ડાહ્યાભાઈ કહે, ‘હા, જરૂર લેતો આવીશ.’ બીજું કોઈ કહે, ‘મારે માટે મરચાં-કોથમીર લાવશો ?’ ડાહ્યાભાઈનો જવાબ ‘હા’માં જ હોય. કોઈ વળી ચાહ-કૉફીના ડબ્બા મંગાવતા એ પણ ડાહ્યાભાઈ લાવી આપે. સહુને એ હા જ કહેતો, અને સહુનાં કામો ખૂબ હોંશથી કરતો. આ બધા મિત્રો-પડોશીઓ દિવાળીને વખતે ચાર-આઠ આના કે રૂપિયો બોણી તરીકે પછી એને આપતા. ડાહ્યાભાઈ એટલાથી રાજી રહેતો. આ રીતે નાની નાની રકમો ભેગી થતાં એને દર વર્ષે બોણીમાં પંદર-વીસ રૂપિયા તો સહેજે મળતા, એમાં કેટલાક શેઠીઆઓની બોણી પણ વર્ષે એક રૂપિયો કે કાંઈક વધારે એ રીતની રહેતી. રોજ બજારનું કામ કરી આવ્યા બાદ ડાહ્યાભાઈ રાત્રે મારી પાસે આવીને બધો હિસાબ બરાબર લખાવી જતો. એની ચોકસાઈ અને પ્રામાણિકતા નોંધપાત્ર હતી. એને લખતાં-વાંચતાં નહોતું આવડતું. સહુ લોકોની ખરીદી એ લગભગ રોજ કરી આવતો હતો એટલે ક્યારેક તો એને ખર્ચ અને સિલક મેળવતાં દમ નીકળી જતો. અમે એને રોજની શાકભાજીના પૈસા અગાઉથી આપી

રાખતા હતા અને એની પાસે એક વિવિધ ખાનાંઓવાળી પેટી પણ અમે મૂકી રાખી હતી. એમાં એ જુદા જુદા સિક્કા, હિસાબની નોંધ, ધોબીનાં કપડાંની નોંધ, વગેરે કાગળો અને પરચૂરણ પૈસા રાખતો. ગમે તેટલું મોડું થાય અને રાત પડી જાય તો પણ હિસાબ લખાવ્યા સિવાય ડાહ્યાભાઈ કદી ઊંઘતો નહિ. કેટલીક વાર મારે ઘરનાં અને રસોડાનાં કામોમાં તેમજ છોકરાઓની સંભાળ વગેરેમાં રાતના સાડા દસ-અગિયાર પણ વાગતા, તેમ છતાં પણ ડાહ્યાભાઈ તો બરાબર પાછળ જાણે પડતો ! 'ચાલોને વહિનીબાઈ, હિસાબ લખી લો ને ! ચાલો ને ભાઈ સા'બ !' એમ એ કહેતો અને બધી વિગતો લખાવીને જંપતો. સિલક-મેળ બરાબર મળ્યા સિવાય એને ઊંઘ આવતી નહિ. હિસાબની પાઈએ પાઈ મળવી જ જોઈએ એ એના ઘરમાલિકનો [દાદાસાહેબનો] ગુણ એણે સરસ કેળવ્યો હતો.

કામ કરવાની ડાહ્યાભાઈની રીત સુઘડ અને ટાપટીપવાળી હતી. એ પથારી એવી સરસ કરતો કે ક્યાંય કશી કરચલી ન હોય. જરાક પણ કરચલી પડે તો એને ગમતું નહિ. એનું કામ જ ચોખ્ખું અને વ્યવસ્થિત. એમાં કશું આડુંઅવળું ન મળે. કામ અંગે એની નિયમિતતા એવી કે ભાગ્યે જ નિયત કાર્યમાં ખંડ પડે. કોઈ વાર એની તબિયત સારી ન હોય કે તાવ જેવું લાગે તો આપણે એને કહીએ કે, ડાહ્યાભાઈ, આજે પથારીઓ ન કરશો, બજારમાં ન જશો, પણ ડાહ્યાભાઈને તો પોતાનું કામ કર્યા સિવાય ચેન જ ન પડે. 'ડ્યૂટી ફર્સ્ટ' [કામ પહેલું] એ એનો દંડક રહેતો.

મારા પુત્રો નાનપણમાં મસ્તીખોર હતા અને કંઈક તોફાની પણ ખરા ! કોઈ પણ પુત્ર રોતલ કે રોગીષ્ઠ નહોતો. એટલે રમતાં રમતાં અને ગમ્મત કરતાં કોઈ બાળક ઘરમાં જો જરા રડ્યું તો તરત માતુશ્રી પૂજ્ય બાઈ કહેતાં, 'ડાહ્યા, છોકરાને જરા બહાર લઈ જા.' છોકરાઓને તો ખાવાપીવાના કરતાં રમવામાં જ મઝા પડતી, અને ડાહ્યાભાઈ છોકરાઓને બબ્બે-ત્રણ ત્રણ કલાક બહાર લઈ જઈ એમની સંભાળ રાખતો. ડાહ્યાભાઈનો એક પિતરાઈ ભાઈ ખોડાભાઈ નામે હતો. એની ઝૂંપડી ભદ્રના અમારા મકાનની પાછળ જ [અત્યારે જ્યાં મજૂર મહાજનનું મોટું મકાન છે તેની પાછળ આવેલ, ભગિની સમાજ, ભદ્રની હાલની

ઈમારતના સ્થળે] હતી ત્યાં ડાહ્યાભાઈ છોકરાઓને લઈ જતો. પછી, છોકરાઓ જ્યારે પાંચ-છ વર્ષના થયા ત્યારે હું મારે પિયર મુંબઈ અને કોલ્હાપુર જતી તે વખતે છોકરાઓને સંભાળવા માટે ડાહ્યાભાઈ મારી સાથે, પ્રવાસમાં રહેતો. ત્યાર પછીનાં થોડાં વર્ષ અમે કુટુંબનાં સહુ, ઉનાળામાં થોડો હવાફેર માટે જુદાં જુદાં સ્થળે જતાં ત્યારે દરેક વખતે ડાહ્યાભાઈ અમારી સાથે હોય જ. આમ, મુંબઈ, પૂના, કોલ્હાપુર, સતારા, નાશિક, વડોદરા વગેરે બધે જ ઠેકાણે ડાહ્યાભાઈ અમારી મંડળીમાં સામેલ હોય. ૧૯૩૬ની સાલમાં અમે એકાદ મહિનો કાશ્મીરમાં ઉનાળાની રજાઓ દરમ્યાન ગયેલા ત્યારે ડાહ્યાભાઈને અમે એ પ્રવાસમાં સાથે લઈ ગયાં હતાં.

ડાહ્યાભાઈ પરોપકારી જીવ હતો. બીજાનું કામ કરવા માટે તે હંમેશ તત્પર રહેતો. પારકાને મદદ કરવાની એની ઇચ્છા સદા રહેતી. કોઈ પણ મળવા-કરવા આવે તો એને ડાહ્યાભાઈ આવકારે, બેસવાનું કહે, ચાહ-પાણી આપવાની તજવીજ કરે. ક્યારેક કોઈ માણસ અચાનક ભોજન સમયે આવી ચડ્યો તો ડાહ્યાભાઈ કહેતા કે મારું ભાણું એને આપો ! અને, આપો જ એમ કહીને એ અટકતો નહીં; કોઈ કોઈ વાર તો તે અમને ખબર પણ ન પડે એ રીતે એનું ભાણું બીજાને આપી દેતો ! કોઈ ગરીબ કે અનાથ દેખાયું કે એ તરત મારી પાસે દોડી આવે અને કહે કે, 'વહિનીબાઈ, બહાર એક ગરીબ આવ્યો છે એને માટે કાંઈક આપશો કે ?' ડાહ્યાભાઈ અને અમે આ રીતે અનેક વાર મદદ-દાન આપવા માટે નિમિત્ત બનતાં. કોઈને ક્યાંક નોકરી જોઈતી હોય તો તે ડાહ્યાભાઈ પાસે મીઠું બોલી આવે અને ભલામણ મેળવે; કોઈ વળી, ડાહ્યાભાઈ મારફત લાગવત લગાડવા જાય ! આડોશી-પાડોશીઓ પૈકી કે બહારના કોઈ નોકરિયાત કે અન્ય જરૂરિયાતવાળા આવે તેમાંથી કોઈને પાણી પીવા આપવું તો કોઈને ચાહ આપવી, કોઈને વળી બગીચામાંનાં ચાર ફૂલ કે બિલિપત્ર આપવાં, વગેરે વગેરે આપતા રહેવાનું એનું ગુપ્ત ઝરણું નિત્ય ચાલુ જ રહેતું.

જેમ જેમ વર્ષો વીતતાં ગયાં તેમ તેમ ડાહ્યાભાઈ ઘરનો જ અને કુટુંબનો જ જાણે બની ગયો. એક અતિ જૂના નોકર તરીકે અને ઉંમરમાં

પણ મોટા માણસ તરીકે ડાહ્યાભાઈ પાસે આપોઆપ આહ્લાદક એવી સત્તા આવી હતી ! તેને કારણે કેટલીક વાર એ બારોબાર જ બધું પતાવતો અને કોક વાર તો ભલે નિર્દોષ ભાવે પણ નાહકની પંચાત કરતો ! એને લીધે પછી એના પર ગુસ્સો કરવાનો પ્રસંગ પણ આવતો. પરંતુ ડાહ્યાભાઈનો એક મોટો ગુણ એ હતો કે એ કોઈ દિવસ સામો જવાબ સરખો ન આપતો, અને મૂંગે મોઢે રોષના બધા શબ્દો સાંભળતો અને સહી લેતો. અલબત્ત, એના મનમાં કશું પાપ નહોતું, અને એ જે કાંઈ કહેતો કે કરતો તે, મેં ઉપર જણાવ્યું તેમ, નિર્દોષ ભાવે જ કરતો. પોતાને એ ઘરનો જ અને એ માવળંકર કુટુંબનો જ માણસ ગણતો અને એ રીતે એ જાણે છૂટ લેતો હતો.

ડાહ્યાભાઈ હંમેશ સફેદ અને સ્વચ્છ કપડાં પહેરે. એને ગબડગંદું કશું પસંદ નહોતું. છોકરાઓનાં કપડાંની એ ગડી વાળે તે પણ બરાબર ફરી ફરી દાબીને વાળે. ત્યાર પછી, જેનાં તેનાં કપડાં એ દરેકને વ્યવસ્થિત પહોંચાડે. શરૂઆતમાં અમારા કુટુંબમાં બાળકો નહોતાં. પ્રથમ ચિ. કમળા જન્મી, ત્યાર બાદ મારા પુત્રો જન્મ્યા. ઈશ્વરની કૃપાથી બધાં સંતાનો મોટાં થયાં, એમનાં લગ્ન થયાં, એમને બાળકો થયાં. ડાહ્યાભાઈને આ બધાથી પરમ આનંદ થતો હતો. કુટુંબનો વંશ-વેલો આ રીતે વિકસતો જોઈને એને ખૂબ સંતોષની લાગણી થતી. મારા ચારેય પુત્રો તેમજ પુત્રવધૂઓ પણ ડાહ્યાભાઈને ખૂબ પ્રેમાદરથી બોલાવતાં અને ખૂબ ભાવપૂર્વક ડાહ્યાભાઈના ભોજનાદિનો પ્રબંધ કરતાં. ડાહ્યાભાઈ પટેલના પરિવારને પણ શક્ય તેટલી સુખસગવડો અમે અને પુત્રોએ આપ્યાં. ડાહ્યાભાઈ જ્યારે બીમાર હતા ત્યારે ચિ. ડૉ. બાપુસાહેબે સારવાર કરી છે. પોતાના નર્સિંગ હોમમાં અંગત દેખરેખ અને સંભાળ હેઠળ અનેક અઠવાડિયાં સુધી એને રાખ્યો હતો. નર્સિંગ હોમમાંની ડાહ્યાભાઈની આવી સુંદર વ્યવસ્થા જોઈને અનેક જણ મને કહેતાં કે, ‘‘ખરેખર, વહિનીબાઈ ! ડાહ્યાભાઈની બધી સારવાર અને વ્યવસ્થા તમારે ત્યાંના નર્સિંગ હોમમાં જાણે બાદશાહી રીતે સરસ થઈ રહી છે. ડાહ્યાભાઈના પલંગ પર બબ્બે ગાદીઓ, ચોખ્ખાં ઓશીકાં, બ્લૅન્કેટ, વગેરે રહે છે. ડૉકટર સાહેબ જતાં-આવતાં ડાહ્યાભાઈના ખબર પૂછે છે. સાચે જ, ડાહ્યાભાઈ આજે રાજા જેવા છે. એમને કશી જ ચિંતા કરવાનું કારણ નથી.’’ હું સહુને કહેતી કે, ‘એના પોતાના નસીબ જોગે ડાહ્યાભાઈ આ બધું મેળવે છે. આવી સગવડો કાંઈ માગીને મળતી નથી.’

ડાહ્યાભાઈ નિરક્ષર હતો, પણ વ્યાવહારિક શાણપણથી વંચિત નહોતો. ગુજરાતી અને મરાઠી બંને ભાષાઓ એ સરસ બોલતો હતો, બલકે મરાઠી કદાચ વધુ સારી રીતે બોલતો હતો ! શરૂઆતનાં એનાં વર્ષોમાં તો ઘરમાં પૂરેપૂરું મરાઠી જ બોલાતું. ડાહ્યાભાઈના ઉચ્ચારો પણ મરાઠીભાષી જેવાના જ હોય. ડાહ્યાભાઈ સંસ્કારી જીવ હતો, અંગત જીવનમાં એની ટાપટીપ, સુઘડતા, ધાર્મિકતા તરત જણાઈ આવતી. ઘરમાં જ એ સતત હોય, અને ઘરનો જ પોતે બની ગયો હોવાથી, ડાહ્યાભાઈ કુટુંબની વિવિધ વાતોચીતોથી જાણકાર રહે જ. મોટેરાંઓ જે વાતો કરે તે ડાહ્યાભાઈ રસપૂર્વક સાંભળે, ક્યારેક વળી બારણે ઊભો ઊભો -- કોક વાર સંભાળપૂર્વક ને છાનોમાનો પણ -- સાંભળ્યા કરે ! પણ, એના દિલમાં કશું પાપ નહોતું. માનવસહજ કુતૂહલવૃત્તિને કારણે એ આવી વાતોમાં રસ લે એટલું જ. ડાહ્યાભાઈમાં વિનોદવૃત્તિ પણ ખરી. કોઈ ચીજ આડીઅવળી મુકાઈ ગઈ હોય અને આપણે એ શોધી શોધીને થાકીએ ત્યારે ડાહ્યાભાઈને પૂછીએ કે મારું પેલું પુસ્તક કે કાપડ કે વાસણ ક્યાં છે તે જરા જુઓ ને ! ડાહ્યાભાઈ તરત જવાબ આપે કે, 'તમે એ ચીજ ક્યાં મૂકી છે તે કહો ! હું તરત લાવી આપું !' ડાહ્યાભાઈ પ્રેમાળ અને ભલો હતો. પાપભીરુ પણ એટલો જ. 'સીતારામ-સીતારામ, ભા, ભજ રે મન'નું એનું મંદ-મધુર રટણ રોજ ચાલતું જ હોય.

મોટે ઘેર [સેવા કુટીર] કે જોડેના ઘેર [પ્રગતિ]થી અમે કોઈ ક્યારેય બહાર ગયાં હોઈએ તો પણ ડાહ્યાભાઈ ઘરમાં હોય એટલે પૂરી નિશ્ચિંતતા ! મોટે ઘેર ડાહ્યાભાઈ રહે અને ઘરનો દરવાજો ખુલ્લો જ હોય. ઘરનો એ જાગૃત રખેવાળ હતો -- જાણે દરવાજા પર એક ચામડાનું તાળું ! ઘડપણમાં પણ ડાહ્યાભાઈની સભાનતા અને ચપળતા પૂરેપૂરી હતી. આજે અમારાં બંને ઘરો કેવાં જાણે સૂનકાર જેવાં લાગે છે !

ડાહ્યાભાઈનો અંત એને માટે તો કેવો શાંત, સુખકર, ઈર્ષ્યા ઉપજાવે તેવો આવ્યો ! પાછળ રહેલાં અમને સહુને આઘાત અને ઊંડો શોક થાય એ કુદરતી છે. પણ, ડાહ્યાભાઈની દૃષ્ટિએ વિચારતાં એની આખરી ક્ષણો તો શાંતિભરી અને સમાધાનયુક્ત જ હતી. મારા ચારેય પુત્રો અને અમે સહુ, તથા ડાહ્યાભાઈનાં પત્ની મણિબહેન અને બે પુત્રો ચિ. ભીખુ અને ચિ. પુરુષોત્તમ, આ મહાન સેવક-સ્વજનનાં અંત્યદર્શન કરી શક્યા અને અમે સજળ નયને ડાહ્યાભાઈને આખરી વિદાય આપી. આટલાં બધાં વર્ષો

અને દસકાઓનો જીવંત, મધુર અને અખંડ સંબંધ હવે કાયમને માટે અટક્યો તેથી મન ખિન્નતા જરૂર અનુભવે છે, પણ ઈશ્વરની સત્તા આગળ આપણું ક્યાં કશુંય ચાલે છે ?

પરમ કૃપાળુ પરમાત્મા અમારા ડાહ્યાભાઈના આત્માને ચિર શાંતિ આપશે જ !

⊙ ⊙ ⊙

**માની વહાલપ**

માની લાગણી, માનો પ્રેમ, માની ખેવના; આ બધું કવિતા જેવું લાગે છે. મા જીવનની અનોખી હસ્તી છે. ઉત્કટતાની ક્ષણે 'ઓ મા' શબ્દ બોલનારા વધુ હોય છે.

માનો મહિમા છે જ.

માની શીળી છાયા હોય છે.

-- હરીન્દ્ર દવે

130329
13-9-2010

* પ્રાધ્યાપક પુરુષોત્તમ ગણેશ માવળંકર સંપાદિત અને પ્રકાશિત **અભ્યાસ** માસિક [વિચાર અને વિવેચનનું સામયિક]ના ફેબ્રુઆરી, ૧૯૬૯ના 'દાદાસાહેબ માવળંકર વિશેષાંક' [સળંગ અંક ૯૧]માં પ્રકટ થયેલો લેખ. પૃ. ૨૭૫ થી ૨૭૯.

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

## સન્નિષ્ઠ પ્રકાશન

(દાદાસાહેબ માવળંકરના ૭૮મા જન્મદિને - તા. ૨૭ નવેમ્બર ૧૯૬૬ને રોજ આ પ્રકાશન-પ્રવૃત્તિનો પ્રારંભ થયો છે.)

| | | | |
|---|---|---|---|
| (૧) | આપણી લોકશાહી : તેનું નિર્માણ અને જતન (લઘુ નિબંધ) | ગણેશ વાસુદેવ માવળંકર | ૨-૦૦ |
| (૪) | પ્રાચીન વૈદિક સમયની સ્વરાજ્ય-પદ્ધતિ (સંક્ષિપ્ત સમીક્ષા) | શ્રીપાદ દામોદર સાતવળેકર (અનુવાદક : પૂર્ણિમા પુ. માવળંકર) | ૧-૦૦ |
| (૬) | સ્વતંત્ર ભારતના પહેલા સ્પીકર દાદાસાહેબ માવળંકર (સવિસ્તર-જીવન-પરિચય) | દા. ન. શિખરે | (અપ્રાપ્ય) |
| (૧૦) | વિમર્શ (ચિંતનાત્મક લઘુનિબંધો) | પુરુષોત્તમ ગણેશ માવળંકર | (અપ્રાપ્ય) |
| (૧૧) | મહાકવિ કાલિદાસ કૃત મેઘદૂત | અનુવાદક : જયંત પંડ્યા | ૭-૦૦ |
| (૧૨) | વિદ્યાભ્યાસ માટે વિદેશ જતા પુત્રને પિતાની શીખ (પત્ર) | ગણેશ વાસુદેવ માવળંકર | (અપ્રાપ્ય) |
| (૧૪) | શૈક્ષણિક ક્ષેત્રનું સ્વાતંત્ર્ય (પ્રવચન) ગોવર્ધન પારીખ | અનુવાદક : પુ. ગ. માવળંકર | ૩-૦૦ |
| (૧૫) | વિવિધ વાયુ-પ્રવચનો | પુરુષોત્તમ ગણેશ માવળંકર | (અપ્રાપ્ય) |
| (૧૭) | યુગપુરુષ ગાંધીજી (મૂલ્યાંકન) | ઈન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક | ૨-૦૦ |
| (૨૦) | રાજ્યશાસ્ત્ર વિચાર (અભ્યાસ-લેખો) | પુરુષોત્તમ ગણેશ માવળંકર | (અપ્રાપ્ય) |
| (૨૧) | અર્વાચીન ગુજરાતનું રાજકીય ઘડતર (અભ્યાસ-નિરૂપણ) | પ્રવીણચંદ્ર પારેખ | ૬-૦૦ |
| (૨૩) | લોકશાહીનું સ્વરૂપ (વિવેચન) | પુરુષોત્તમ ગણેશ માવળંકર | (અપ્રાપ્ય) |
| (૨૫) | 'No, SIR.' | P. G. Mavalankar | ૫૦-૦૦ |
| (૨૬) | જબ મેરા હંસ રો ઉઠા ! (હિન્દી) | પુરુષોત્તમ ગણેશ માવળંકર | ૪૦-૦૦ |
| (૨૭) | 'ભગવાન આ માફ નહિ કરે.' | પુરુષોત્તમ ગણેશ માવળંકર | ૩૦-૦૦ |
| (૨૮) | લોકતંત્ર ઔર અચ્છી નાગરિકતા (હિન્દી) એમ. આર. પૈ | પ્રાક્કથન : પુ. ગ. માવળંકર | ૧-૦૦ |
| (૨૯) | લોકશાહી, જાહેર જીવન, સામાન્ય ચૂંટણી | પુરુષોત્તમ ગણેશ માવળંકર | ૧૫-૦૦ |
| (૩૦) | પિતાનો વારસો (ચરિત્રાત્મક આલેખન) | પુરુષોત્તમ ગણેશ માવળંકર | ૧૨-૦૦ |
| (૩૧) | જાહેર જીવનના સાથી | ગણેશ વાસુદેવ માવળંકર, ઈન્દુલાલ ક. યાજ્ઞિક | ૫-૦૦ |
| (૩૨) | Points of Advice to My Sons<br>મારા પુત્રોને સલાહના બે બોલ- ગણેશ વાસુદેવ માવળંકર (અનુવાદક : પુ. ગ. માવળંકર) | G. V. Mavalankar | ૧૦-૦૦ |
| (૩૩) | નિખાલસ સંવાદ (પ્રશ્નોત્તરી) | પુરુષોત્તમ ગણેશ માવળંકર | ૧૦-૦૦ |
| (૩૪) | મારા પિતા (૪૪ વ્યક્તિવિશેષોનાં રેખાચિત્રો) | સંપાદક. પુ. ગ. માવળંકર | ૧૬૦-૦૦ |
| (૩૫) | સરદાર વલ્લભભાઈ પટેલ અને ગુજરાતનું જાહેર જીવન : નોંધપાત્ર મુદ્દાઓનાં ટાંચણો | ગણેશ વાસુદેવ માવળંકર | ૧૦-૦૦ |
| (૩૬) | ગૌરવશાળી ગુજરાતીઓ (૨૫ મહાનુભાવોના પ્રેરક પ્રસંગો) | [illegible] | ૨૫-૦૦ |
| (૩૭) | ઉમદા અને સંસ્કારી આચાર્ય (સ્વ. રતિલાલ ઘેલાભાઈ મહેતાની જીવનઝરમર) | [illegible] | [illegible] |
| (૩૮) | સાલમુબારક - સંવત ૨૦૫૦ (દિવાળી સબરસ) | [illegible] | [illegible] |
| (૩૯) | સબરસ-સંવત - ૨૦૫૧ (દિવાળી ઉપહાર) | [illegible] | [illegible] |
| (૪૦) | નૂતન વર્ષાભિનંદન-સંવત-૨૦૫૨ (દિવાળી વાનગી) | પુરુ[illegible] | [illegible] |
| (૪૧) | 'વહિની' - વત્સલ મા | લેખન-સંપાદન-સંકલન : પુ. ગ. માવળંકર | ૩૦-૦૦ |

[ટપાલ ખર્ચ અલગ]

સન્નિષ્ઠ પ્રકાશન : 'ગોપિકા', મહારાષ્ટ્ર સોસાયટી
એલિસ બ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ., અમદાવાદ - ૨૨

Library IIAS, Shimla
GJ 891.473 M 449 V
00130329

Ahmedab
000931
VAHINI : VATSAL MA
MRP : Rs. 30